البلاغ
AL-BALAG MONTHLY

## જામિઅહ ઉલૂમુલ કુર્આન,
## જંબુસરનું મુખપત્ર



# અલ-બલાગ

### માસિક

### સપ્ટેમ્બર - ૨૦૧૯

માનદ તંત્રી

**અહમદ યાકૂબ પટેલ**

મુહતમિમ : જામિઅહ ઉલૂમુલ કુર્આન, જંબુસર

ઈબ્ને હઝમ રહ. ફરમાવે છે કે,

બુદ્ધિ અને શાંતિની રાહનું પહેલું પગલું આ છે કે માણસ લોકો શું કહે છે, વિચારે છે એની પરવા છોડી દયે, એના તરફ ધ્યાન ન આપે. અને બીજું પગલું આ છે કે લોકોનો માલિક – સર્જનહાર શું કહે છે, શું આદેશ આપે છે, એના વિશે વિચાર કરવામાં આવે અને એના ઉપર ધ્યાન આપવામાં આવે.

**અનુક્રમણિકા**


| | |
|---|---|
| તંત્રી સ્થાનેથી | ૩ |
| મુસલમાનોની ફઝીલત | ૬ |
| મઆરિફુલ હદીસ | ૧૦ |
| હઝ. મવ. મુહમ્મદ તલ્હા રહ. | ૧૪ |
| સાચી નિયતે રાજકીય પ્રવૃતિઓ | ૧૭ |
| સ્વચ્છતાનું મહત્વ | ૨૨ |
| નબીએ કરીમ સલ.ની નસીહતો | ૨૫ |
| ફતાવા વિભાગ | ૨૮ |
| ૭૩ મા સ્વાતંત્ર્ય દિનની ઉજવણી | ૩૧ |
| બોધકથા – ૯૭ | ૩૪ |
| What After Hajj | ૩૫ |
| છેલ્લા પાને | ૩૮ |



# અલ બલાગ

માસિક

માનદ તંત્રી :

**મુફતી અહમદ દેવલ્વી**

સપ્ટેમ્બર – ૨૦૧૯ ઈ.

મુહર્રમ –૧૪૪૧ હિ.

વર્ષ – ૧૯, અંક – ૭

વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦–૦૦

છુટક કિંમત : ૧૦–૦૦ રૂા.

https://www.jamiahjambusar.in/Al__Balag.php

*તંત્રી સ્થાનેથી ....*

ભારત આઝાદ થયું ત્યારથી જ કશ્મીર બાબતે વિવાદ છે. આ બાબત ત્યારે તો વૈશ્વિક ચર્ચાનો મોટો વિષય બની ગઈ હતી. સંયુકત રાષ્ટ્રમાં આ બાબતે ઠરાવો પણ પાસ કરવામાં આવ્યા. અલબત્ત ત્યાર બાદ કશ્મીરને વિશ્વ બિરાદરી ભૂલી રહી હતી. ભારત – પાકિસ્તાન અને ઓ.આઈ.સીના અમુક નિવેદનોને બાદ કરીને કશ્મીરનો મુદ્દો આંતરરાષ્ટ્રીય સ્તરે સમાચાર બનતો ન હતો. કોઈ ગોળીબાર, કે બોંબ વિસ્ફોટની ઘટનાઓ જરૂર સમાચારમાં ચમકતી હતી, પણ એક 'આંતરરાષ્ટ્રીય વિવાદીત બાબત' તરીકે કશ્મીર મુદ્દાને ઠંડો પાડી દેવામાં ભારત સફળ રહયું હતું, એટલું જરૂર કહી શકાય.

પાછલા અમુક વરસોમાં તો એટલું બેહતર વાતાવરણ બની ગયું કે વિધાનસભા અને લોકસભાના ઈલેકશનમાં ખીણના પ્રદેશોમાં ભાજપના વડાપ્રધાનના ઉમેદવાર મોદી સાહેબની સભાઓ શકય બની ગઈ. ભાજપે કશ્મીરની સ્થાનિક પાર્ટી સાથે ગઠબંધન બનાવીને સરકાર પણ બનાવી લીધી. ગઠબંધનની સરકાર બનાવવાનો મતલબ જ આ હતો કે કશ્મીરીઓ હવે સામાન્ય રીતે પોતાને ભારત સાથે, બલકે 'ભાજપ' સાથે પણ જોડાયેલા માનવા લાગ્યા છે. અને પોતાનું ભવિષ્ય ભારત સાથે જ માને છે. કશ્મીર છોડીને ભારતના અન્ય ભાગોમાં ભાજપ અને મુસલમાનો આટલા નજીક કયારેય નથી થયા, એ પણ નોંધવું ઘટે.

આ બધા વચ્ચે એક બાબત નોખી હતી, કશ્મીરનો વિશેષ દરજ્જો. જેના આધારે કશ્મીરમાં ભારતના અમુક કાયદાઓ, વિશેષ કરીને પીનલ કોડ વગેરે, ચાલતા ન હતા, બલકે કશ્મીરના પોતાના આગવા કાયદાઓ ચાલતા હતા, જે કશ્મીરના ભારત સાથે જોડાણ પહેલાંથી પ્રચલિત હતા, અને કશ્મીરના લોકોની માંગણીને સામે રાખીને આ સ્થિતિ ભારતે સ્વીકારી હતી. ભારતીય સંસદ દ્વારા પ્રસાર કરવામાં આવેલ અમુક કાયદાઓ માટે પણ કશ્મીરની વિધાનસભાની મંજૂરી આવશ્યક હતી. અમુક તમુક કાયદાઓમાં આ બાબત બીજા રાજયોને પણ લાગુ પડે છે.

એક નાનકડો પ્રદેશ કોઈ મોટા દેશ સાથે જોડાય તો પોતાના અલગ અસ્તિત્વ માટે અલગથી કોઈ માંગણી કરે એ ખોટી બાબત નથી અને ત્યારે બંને પક્ષો એમ જ વિચારતા હશે કે ધીરે ધીરે ૫૦–૧૦૦ વરસો પછી બધા એક થઈ જશે, અને કદાચ નહીં ફાવે તો અલગ પડી જશે.

આ સ્તરે એક બીજી બાબતની પણ નોંધ કરી લઈએ.. કશ્મીરીઓનો એક ભાગ કશ્મીરને આઝાદ જોવા માંગે છે. આ લોકોને અુમક વિદેશી સરકારોનો સાથ પણ છે, અને એમની થોડી ઘણી મદદ થકી તેઓ ભારતીય કશ્મીરમાં આ માટે દેખાવો કરે છે. ઘણીવાર સશસ્ત્ર અથડામણો પણ થાય છે. પણ ભારત જેવી શકિત અને સેના સામે આ બધી હરકતો વામણી પૂરવાર થાય છે. અહિંયા પણ એક કડવી વાસ્તવિકતા આ છે કે પાકિસ્તાન પોતે પોતાના તાબા હેઠળના કશ્મીરને આઝાદ નથી કરતું, બલકે વિશેષ દરજો આપીને પોતાની સાથે ભેળવી રાખ્યું છે. આમ આઝાદીના નામ પર કશ્મીરીઓને તો ભારત કે પાકિસ્તાન કંઈ પણ આપવાના નથી.

ભારતમાં શામેલ કશ્મીરનો વિશેષ દરજો પાછલા દિવસોમાં ખતમ કરવામાં આવ્યો, એટલે આ બાબત ફરી વૈશ્વિક સ્તરે કંઈ ચર્ચાનો વિષય બની છે, પણ ભારતની કુટનિતિ આજકાલ ઘણી ગૂઢ, ફેલાયેલી અને પ્રભાવી છે. અમેરિકા, બ્રિટન ઉપરાંત ખાડીના મુસ્લિમ દેશોના આર્થિક સંબંધો ભારત સાથે મજબૂત છે. ભારતમાં એમનું મોટું બજાર છે અને ખાડીના દેશોમાં તો ભારતીય નોકરશાહો આરબ રાજાઓ, મોટી કંપનીઓ, ઓફિસો, તેમજ અનેક પ્રશાસનિક સ્તરોએ વિશ્વાસુ તરીકે ગોઠવાયેલા છે. આવી સ્થિતિમાં ભારત માટે પોતાની વાત એમના ગળે ઉતાળવી ઘણી સરળ છે.

ભારત તરફથી જે કંઈ કરવામાં આવ્યું, એમાં મોટી ચુક ફકત આટલી જ છે કે એક પ્રદેશના લોકોએ પોતાની સત્તાના જોરે બીજા પ્રદેશ ઉપર પોતાની વાત થોપી દીધી હોય એવું લાગે છે. જેમ કે કેન્દ્રની કોઈ સરકાર ગુજરાતના લોકોની મરજી વિરુદ્ધ ગુજરાતના અમુક ટુકડા કરી દે કે

રાજયના દરજાને ખતમ કરીને કેન્દ્રશાસિત પ્રદેશ બનાવી દે.

ભારતની સંસદ કે સાંસદો શું વિચારતા હોય એ તો ખબર નથી, પણ સામાન્ય ભારતીય એમ સમજે છે કે અમે ભલે યુ.પી. મહારાષ્ટ્ર, બિહાર કે ગુજરાતમાં રહીએ છીએ પણ કશ્મીર 'અમારું' છે, (ત્યાં રહેતા કશ્મીરીઓનું પણ છે, એવું કોઈ કહેતું નથી.) જો કશ્મીરની પચાસ ફેમીલીઓ દેશના કોઈ બીજા શહેરમાં આવીને કોઈ એક સ્થળે રહેવાનું શરૂ કરે કે માંગણી કરે તો આજુબાજુ વાળા બધા જ એનો વિરોધ કરશે. કશ્મીરની શી વાત ? પરપ્રાંતીઓ બલકે વિધર્મીઓ બાબતે આવી સ્થિતિ દરેક રાજયમાં છે. ગુજરાતમાં 'અશાંતધારા'નો અજીબ કાયદો એનું ચોખ્ખું ઉદાહરણ છે.

અમારું માનવું છે કે કશ્મીરને ત્યાંના લોકો દ્વારા માંગવાના કારણે વિશેષ દરજો આપવામાં આવ્યો હતો, પણ ત્યાંની નેતાગીરી રાજકીય સ્તરે, અને ત્યાંના વેપારીઓ આર્થિક સ્તરે અને બીજા અન્ય ક્ષેત્રોમાં પણ ત્યાંના લોકો એનાથી ફાયદો ઉઠાવીને કશ્મીરને પ્રગતિ આપી શકયા નથી, એનું કારણ જે હોય તે ... આ જ પ્રમાણે ભારતની પાર્લામેન્ટ અને રાજકીય નેતાગીરી એમ ઈચ્છતી હતી કે કશ્મીર ભારતમાં અન્ય રાજયોની જેમ ભળી જાય તો એના માટે એમણે કશ્મીરને કંઈ આપવાની જરૂરત હતી. એમનો વિશ્વાસ જીતવાની જરૂરત હતી. વિશેષ દરજ્જા છતાં ભારત સરકાર માટે અને ભારતની કંપનીઓ માટે ત્યાં વિકાસ અને રોજગારના કાર્યો કરવા અશકય ન હતા. કશ્મીરની વિધાનસભાને આધીન રહીને પણ ઘણું કરી શકાયું હોત... આમ ન કરીને કશ્મીરીઓને આપણે પોતે પણ પોતાનાથી દૂર રાખ્યા છે, એમ કહી શકાય. અલગાવવાદ બંને તરફે હતો, હવે જોવાનું આ છે કે ભારત સાથે સમાન રીતે એકીકરણ થયા પછી બંને તરફથી આ અલગાવવાદ કેટલો દૂર થાય છે ? દુઆ કરીએ કે કશ્મીર અને દેશ સહિત બધે જ શાંતિ રહે, અને બંને તરફના નેતાઓ એવા નિર્ણયો કરે જે શાંતિ – સલામતીની રાહ પેદા કરે. દેશ માટે અને દેશના લોકો માટે લાંબાગાળે ફાયદાકારક હોય. ■

# વિશેષ જવાબદારીના આધારે મુસલમાનોની ફઝીલત અને નાફરમાનીના કારણે યહૂદીઓની ઝિલ્લત

– મુફ્તી ફરીદ અહમદ કાવી

بسم اللہ الرحمن الرحیم

كُنْتُمْ خَيْرَ أُمَّةٍ أُخْرِجَتْ لِلنَّاسِ تَأْمُرُونَ بِالْمَعْرُوفِ وَتَنْهَوْنَ عَنِ الْمُنْكَرِ وَتُؤْمِنُونَ بِاللّٰهِ ط وَلَوْ اٰمَنَ أَهْلُ الْكِتٰبِ لَكَانَ خَيْرًا لَّهُمْ ط مِنْهُمُ الْمُؤْمِنُونَ وَأَكْثَرُهُمُ الْفٰسِقُونَ ﴿١١٠﴾ لَنْ يَّضُرُّوْكُمْ إِلَّآ أَذًى ط وَإِنْ يُّقَاتِلُوْكُمْ يُوَلُّوْكُمُ الْأَدْبَارَ قف ثُمَّ لَا يُنْصَرُوْنَ ﴿١١١﴾ ضُرِبَتْ عَلَيْهِمُ الذِّلَّةُ أَيْنَ مَا ثُقِفُوْآ إِلَّا بِحَبْلٍ مِّنَ اللّٰهِ وَحَبْلٍ مِّنَ النَّاسِ وَبَآءُوْ بِغَضَبٍ مِّنَ اللّٰهِ وَضُرِبَتْ عَلَيْهِمُ الْمَسْكَنَةُ ط ذٰلِكَ بِأَنَّهُمْ كَانُوْا يَكْفُرُوْنَ بِاٰيٰتِ اللّٰهِ وَيَقْتُلُوْنَ الْأَنْۢبِيَآءَ بِغَيْرِ حَقٍّ ط ذٰلِكَ بِمَا عَصَوْا وَّكَانُوْا يَعْتَدُوْنَ ﴿١١٢﴾

તરજમહ : તમે (મુસલમાનો) સૌથી શ્રેષ્ઠ ઉમ્મત છો, જેને લોકો માટે પેદા કરવા આવી છે. તમે ભલી બાબતોનો હુકમ કરો છો તથા બુરી વાતોથી રોકો છો અને અલ્લાહ પર ઈમાન રાખો છો. અને અહલે કિતાબ પણ ઈમાન લઈ આવે તો એમના માટે ઘણું સારું છે. એમનામાં (અમુક તો) ઈમાનવાળા છે અને વધારે લોકો કાફિર (નાફરમાન) છે. (૧૧૦) તેઓ તમને કોઈ (ધમકી કે ટોણા મારવા જેવી) હલકી તકલીફથી વધારે નુકસાન નહીં કરી શકે, અને જો તેઓ તમારી સાથે લડશે તો તમને પીઠ બતાવી નાસી છૂટશે, પછી એમની મદદ પણ નહીં કરવામાં આવે. (૧૧૧) તેઓ પર ઝિલ્લત લગાવી દેવામાં આવી છે, જ્યાં પણ હશે. સિવાય કે અલ્લાહનો વાયદો હોય કે લોકો સાથે કોઈ કરાર હોય. અને તેઓ અલ્લાહનો ક્રોધ લઈ આવ્યા છે. અને એમના ઉપર પડતી થોપી દેવામાં આવી છે. આ બધું એટલા માટે કે તેઓ અલ્લાહના હુકમોનો ઈન્કાર કરતા હતા અને નબીઓને નાહક કતલ કરતા હતા. આ બધું એટલા માટે પણ કે તેઓએ નાફરમાની કરી અને

હદથી વધી જતા હતા. (૧૧૨)

તફસીરઃ હઝરત ઉમર રદિ.નું કથન છે : જે કોઈ માણસ આ ઉમ્મતે મુહમ્મદિયહમાં શામેલ થવાની તમન્ના રાખતો હોય, એણે આ આયતમાં દર્શાવવામાં આવેલ શરતો પૂરી કરવી જરૂરી છે.

એટલે કે મઅરૂફ, સારા કામો અથવા કહો કે સકારાત્મક બાબતોને અપનાવવી અને બીજાઓને પણ એની તાકીદ કરવી, અને બુરાઈઓ, ગુનાહો, અપરાધો અથવા નકારાત્મક બાબતોને તજી દેવી અને અન્યોને પણ તાકીદ સાથે રોકવા, અને આ બે સદકાર્યો સાથે ત્રીજી મહત્વની બાબત અલ્લાહ તઆલા ઉપર ઈમાન રાખવું. (જેમાં અન્ય ઈસ્લામી આદેશો પણ આવી જાય છે.)

મવ. દરયાબાદી રહ. લખે છે : "નહી અનિલ મુન્કરમાં આજના શરાબખાના, થિયેટર, સીનેમા, કન્સર્ટ હોલ, નાચઘરો, મ્યુઝિક કોલેજ, સ્કૂલ ઓફ આર્ટ અને બધા જ સ્ટુડીયો આવી જાય છે". અને તફસીરે ઉસ્માનીમાં છે : "મુન્કર એટલે બુરા કામોમાં કુફ્ર, શિર્ક, બિદઅત, ખોટા રિવાજો વગેરે સર્વ ખરાબ વાતોનો સમાવેશ થાય છે. એને રોકવું પણ અનેક પ્રકારે હોય છે. જીભ, હાથ, કલમ, તલવારનો ઉપયોગ કરવામાં આવે છે. મતલબ કે એમાં દરેક પ્રકારના જિહાદ અને પ્રયત્નો આવી જાય છે. આ ગુણ જેટલા દરજ્જે પ્રચલિત અને વ્યવસ્થિતપણે ઉમ્મતે મુહમ્મદિય્યહમાં નજરે પડે છે, તેનું ઉદાહરણ આગલી ઉમ્મતોમાં મળતું નથી".

ઉમ્મતે મુહમ્મદિયહની આ જ વિશેષતા છે, એ ખુદા ઉપર ઈમાન રાખે છે, અને પછી પોતાને ખુદાના બંદા અને નાયબ સમજીને એના આદેશો ઉપર અમલ કરે છે, કરાવે છે. અમુક ઉમ્મતો ખુદા ઉપર ઈમાન લાવીને જાણે પોતે જ ખુદાઈના સ્થાને પહોંચી જાય છે. પોતાને જન્નતની હકદાર માનીને નેકી – ગુનાથી બે પરવા થઈને જે મનમાં આવે તે કરે છે, તો અમુક ઉમ્મતો માનવીય ફિતરત મુજબ સદકાર્યોને મહત્વ આપે છે, બુરાઈઓથી બચે – બચાવે છે, પણ અલ્લાહ તઆલા ઉપર ઈમાનથી

મહરૂમ છે અને શિર્ક – કુફ્રમાં પડી જાય છે.

એટલે જ આગળ અહલે કિતાબ વિશે કહેવામાં આવ્યું કે તેઓ બે માંથી એક બાબતે કાચા છે, જો તેઓ પણ ઈમાન લઈ આવે તો એમના માટે સારું છે, એટલે કે તેઓ પણ અલ્લાહના સાચા બંદા અને બેહતરીન ઉમ્મતમાં ગણાશે.

આ આયતમાં અહલે કિતાબ યહૂદીઓ તરફ ઈશારો કરવામાં આવ્યો છે, અને આમ પણ મદીનામાં મુસલમાનો પ્રત્યે યહૂદીઓની દુશ્મનીના કારણે યહૂદીઓને સંબોધીને અનેક વાતો કુરઆનમાં કહેવામાં આવે છે, એ અનુસંધાનમાં અલ્લાહ તઆલા આગળ ફરમાવે છે : આ યહૂદીઓ એમ તો ઘણા શકિતશાળી દેખાય છે, માલ – સંપત્તિ પણ ઘણી છે. ચાલાક અને હોશિયાર ગણાય છે. મદીના અને આસપાસ એમની વસતી છે, કબીલાઓમાં પણ એમનું વર્ચસ્વ છે, છતાં અંદરખાને તેઓ મુસલમાનોના મુકાબલામાં કમઝોર છે. અલ્લાહ તઆલાએ અગાઉથી જ મુસલમાનોના ડરને ખતમ કરવા અને હિમ્મત આપવા ખાતર ફરમાવી દીધું કે, તેઓ તમને ભાંડવા, ટોણા મારવા, કે નાકામ સાજિશો જેવી હલકી તકલીફ આપવા સિવાય કંઈ કરી શકે એમ નથી. અને કદી હિમ્મત કરીને લડવા આવશે તો તમને પીઠ બતાવીને નાસી છુટશે. મદીના અને આસપાસ બનુ કુરયઝહ, બનુ નઝીર, બનુ કયનિકાઅ કબીલાઓ આબાદ હતા. અને ખૈબર મુકામે પણ એમની મોટી વસતી હતી, છતાં અલ્લાહ તઆલાની આગાહી મુજબ તેઓ મુસલમાનોનું કંઈ બગાડી શકયા નહીં. અને છેલ્લે અલ્લાહ તઆલાએ ફરમાવ્યું કે, કોઈ બીજું એટલે કે અરબના જે કબીલાઓ સાથે એમની દોસ્તી છે, તેઓ પણ એમની મદદે નહીં આવી શકે, અને આમ જ થયું. એમને મદીનાથી કાઢવામાં આવ્યા ત્યારે અને ખૈબર મુકામે લડાઈ થઈ ત્યારે અને પછી ત્યાંથી પણ કાઢવામાં આવ્યા ત્યારે કોઈ એમની મદદે આવ્યું નહીં.

આયત નં : ૧૧૨માં યહૂદીઓના માથે અલ્લાહ તઆલા તરફથી સદાને માટે ઝિલ્લત, અપમાન અને પડતી થોપી દેવાનું વર્ણન છે. અને

યહૂદીઓ દરેક ઝમાનામાં અલ્લાહના આદેશ મુજબ અપમાનિત થઈને પડતીમાં જ રહે છે. ઈસ્લામ પૂર્વે પણ અનેક ઝમાનાઓમાં યહૂદીઓની આ જ હાલત હતી. બાદશાહોના માર ખાયને, વેરવિખેર થઈને, પછી થોડા શકિતશાળી કે માલદાર થાય કે ફરી પાછા કોઈ બીજા કબીલા કે રાજાના હાથે બરબાદીના શિકાર થાય છે. અત્યાર સુધી આમ જ ચાલતું આવ્યું છે, ગત વીસમી સદીમાં જર્મની અને યુરોપમાં ઘણા જ માલદાર અને પ્રભાવી હોવા છતાં ઘણા અપમાનિત કરીને એમને મારવામાં આવ્યા કે હાંકી કાઢવામાં આવ્યા, અને હવે પાછા કંઈક સત્તા અને દોલત મળી છે, પણ અલ્લાહના આદેશ મુજબ આજે પણ તેઓ વિશ્વની અન્ય મહાસત્તાઓના સહારે બચી રહયા છે, અને ગમે ત્યારે ફરી પાછા બરબાદીના શિકાર થશે.

આયતના છેલ્લા ભાગમાં બની ઈસરાઈલની પડતી, અવમાનના અને એના કારણનું વર્ણન છે. કુર્આન કહે છે કે તેઓ અલ્લાહના ગઝબના હકદાર એટલા માટે બન્યા કે, તેઓ લગાતાર અલ્લાહના આદેશોનો ઈન્કાર (કુફ્ર) કરતા રહેતા હતા. અને એનાથી વધીને અલ્લાહ બેગુનાહ નબીઓને કતલ કરતા હતા.

આયતનું છેલ્લું વાક્ય એમના આટલા મોટા ગુનાહોનું કારણ પણ બતાવે છે કે, તેઓ આટલા મોટા ગુનાહો (કુફ્ર અને નબીઓની હત્યા) સુધી એટલા માટે પહોંચ્યા કે એમને ગુનાહો કરવા અને અલ્લાહે નક્કી કરેલ હદથી આગળ નીકળી જવાની આદત હતી. હઝરત અકદસ મવલાના થાનવી રહ. ફરમાવે છે કે કોઈ પણ ગુનાહને નાનો ન સમજવો જોઈએ. એક ગુનાહ બીજા ગુનાહ સુધી લઈ જાય છે, અને છેલ્લે કુફ્ર સુધી પહોંચાડી દે છે.

---

# મઆરિફુલ હદીસ

હઝરત મવલાના મંઝૂર નોમાની (રહ.)

**અનુવાદ** : *મવલાના યાકૂબ બારીવાલા સા. રહ.*

*(બ્લેકબર્ન. યુ.કે.)*

૧૩૫

## જુમ્આની નમાઝનું ફરજ થવું

***અને ખાસ અગત્યતા***

(٢٣٥) عَنْ طَارِقِ بْنِ شِهَابٍؓ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اَلْجُمُعَةُ حَقٌّ وَاجِبٌ عَلٰى كُلِّ مُسْلِمٍ فِى جَمَاعَةٍ اِلَّا عَلٰى اَرْبَعَةٍ عَبْدٍ مَمْلُوْكٍ اَوْ اِمْرَأَةٍ اَوْ صَبِيٍّ اَوْمَرِيْضٍ۔ (رواه ابوداؤد)

તરજુમો:– હઝરત તારિક બિન શિહાબ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યું: જુમ્આની નમાઝ જમાઅત સાથે અદા કરવી દરેક મુસલમાન પર જરૂરી અને વાજિબ છે. એના વાજિબ હોવાનો હુકમ ચાર પ્રકારના માણસો લાગુ પડતો નથી. (૧)ગુલામ જે બિચારો કોઈની માલિકીમાં હોય, (૨)સ્ત્રી (૩)બાળક જે હજુ જુવાન થયો નથી. (૪)બીમાર.

(٢٣٦) عَنْ اِبْنِ عُمَرَ وَ اَبِى هُرَيْرَةَؓ اَنَّهُمَا قَالَا سَمِعْنَا رَسُوْلَ اللّٰهِ ﷺ عَلٰى اَعْوَادِ مِنْبَرِه لِيَنْتَهِيَنَّ اَقْوَامٌ عَنْ وَدْعِهِمُ الْجُمُعَاتِ اَوْ لَيَخْتِمَنَّ اللّٰهُ عَلٰى قُلُوْبِهِمْ ثُمَّ لَيَكُوْنَنَّ مِنَ الْغٰفِلِيْنَ۔ (رواه مسلم)

તરજુમો:– હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર અને હઝરત અબૂ હુરૈરહ (રદિ.)થી રિવાયત છે કે અમે પોતે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)થી સાંભળ્યું આપ મિમ્બર પર બેસી ફરમાવતા હતા. જુમ્આ છોડનાર લોકો પોતાની એ આદતથી રોકાય જાય, નહીં તો એવું બનશે કે તેમના એ ગુનાહની સજામાં અલ્લાહ તઆલા તેમના દિલો પર મહોર લગાવી

દેશે. પછી તેઓ ગાફિલ લોકોમાંથી થઈ જશે. (અને સુધારવાની તોફીકથી મહેરૂમ (વંચિત) કરી દેવામાં આવશે. (મુસ્લિમ શરીફ)

(۲۳۷) عَنْ اَبِی الْجَعْدِ الضَّمْرِیِّ قَالَ قَالَ رَسُوْلُ اللّٰہِ ﷺ مَنْ تَرَکَ ثَلٰثَ جُمُعٍ تَهَاوُناً بِهَا طَبَعَ اللّٰهُ عَلٰی قَلْبِهٖ۔ (رواہ ابوداؤد والترمذی والنسائی)

તરજુમોઃ હઝ. અબૂલ્જઅદ અઝઝમ્રી (રદિ.)થી રિવાયત છે કે રસૂલે ખુદા સલ્લલ્લાહુ અલયહી વસલ્લમે ફરમાવ્યુંઃ જે માણસ વિના લાચારીએ ત્રણ જુમ્આ સુસ્તી અને આળસના કારણે છોડશે અલ્લાહ તઆલા તેના હૃદય પર મહોર લગાડી દેશે, (પછી તે નેક અમલની તોફીકથી મેહરૂમ જ રહેશે)

(۲۳۸) عَنْ اِبْنِ عَبَّاسٍ اَنَّ النَّبِیَّ ﷺ قَالَ مَنْ تَرَکَ الْجُمُعَةَ مِنْ غَیْرِ ضَرُوْرَةٍ کُتِبَ مُنَافِقاً فِی کِتَابٍ لَا یُمْحٰی وَلَا یَبَدَّلُ فِی بَعْضِ الرِّوَایَاتِ ثَلٰثاً۔

(رواہ الشافعی)

તરજુમોઃ– હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યુંઃ જે માણસ વિના લાચારીએ જુમ્આની નમાઝ છોડી દેશે. તે અલ્લાહ તઆલાના દફતરમાં જેમાં કોઈ ફેરફાર થઈ શકતો નથી. મુનાફિક લખવામાં આવશે. અને અમૂક રિવાયતોમાં ત્રણવાર છોડવાનો ઉલ્લેખ છે.

ખુલાસો :– આ હદીષોમાં જુમ્આની જે મહાન મહત્વતા બયાન કરી છે અને તેને છોડવા પર જે ધમકી સંભળાવવામાં આવી છે. તે કાંઈ વિગત અને ખુલાસાની મોહતાજ નથી, અલ્લાહ પાક તે બધી ખરાબીઓ અને ગુનાહોથી બચવાની તોફીક આપે જેના પરિણામે બંદો અલ્લાહની નઝરથી પડી જાય છે. અને તેના દિલ પર મહોર લગાડી દેવામાં આવે છે.

# જુમ્આની નમાઝનો પ્રબંધ

## અને તેના અદબો

(۲۳۹) عَنْ سَلْمَانَ قَالَ قَالَ رَسُوْلُ اللّٰہِ ﷺ لَا یَغْتَسِلُ رَجُلٌ یَوْمَ الْجُمُعَةِ وَیَتَطَهَّرُ مَا اسْتَطَاعَ مِنْ طُهْرٍ وَیَدَّهِنُ مِنْ دُهْنِهٖ اَوْ یَمُسُّ مِنْ طِیْبِ بَیْتِهٖ ثُمَّ یَخْرُجُ فَلَا یُفَرِّقُ بَیْنَ اِثْنَیْنِ ثُمَّ یُصَلِّی مَا کُتِبَ لَهٗ ثُمَّ یُنْصِتُ اِذَا تَکَلَّمَ الْاِمَامُ

اِلَّا غُفِرَ لَهٗ مَا بَيْنَهٗ وَبَيْنَ الْجُمُعَةِ الْاُخْرىٰ۔ (رواه البخارى)

તરજુમોઃ– હઝરત સલમાન ફારસી (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યુંઃ જે માણસ જુમ્આના દિવસે ગુસલ કરે, અને જેટલી બની શકે સફાઈ અને સ્વચ્છતાની પાબંદી કરે, અને જો તેલ ખુશ્બુ (અત્તર) તેની પાસે હોય તો લગાવે પછી તે ઘેરથી નમાઝ માટે જાય અને મસ્જિદમાં પહોંચી એ ખ્યાલ રાખે કે જે બે માણસો પહેલેથી સાથે બેઠા હોય તેમની વચમાં ન બેસે, પછી સુન્નત, નફિલોની જેટલી રકાતો તેના નસીબમાં હોય પઢે, અને જયારે ઈમામ ખુત્બો આપે તો ધ્યાન પૂર્વક ચુપચાપ સાંભળે, તો અલ્લાહ તઆલા તરફથી એ જુમ્આ અને આગલી જુમ્આની વચ્ચેની દરેક ભુલો તેની માફ કરી દેવામાં આવશે. (બુખારી શરીફ)

(٢٤٠) عَنْ اَبِى سَعِيْدٍ وَاَبِى هُرَيْرَةَؓ قَالَا قَالَ رَسُوْلُ اللّٰهِﷺ مَنِ اغْتَسَلَ يَوْمَ الْجُمُعَةِ وَلَبِسَ مِنْ اَحْسَنِ ثِيَابِهٖ وَمَسَّ مِنْ طِيْبٍ اِنْ كَانَ عِنْدَهٗ ثُمَّ اَتَى الْجُمُعَةَ فَلَمْ يَتَخَطَّ اَعْنَاقَ النَّاسِ ثُمَّ صَلّٰى مَا كَتَبَ اللّٰهُ لَهٗ ثُمَّ اَنْصَتَ اِذَا خَرَجَ اِمَامُهٗ حَتّٰى يَفْرَغَ مِنْ صَلٰوتِهٖ كَانَتْ كَفَّارَةً لِمَا بَيْنَهَا وَبَيْنَ الْجُمُعَةِ الَّتِى قَبْلَهَا۔ (رواه ابوداؤد)

તરજુમોઃ– હઝરત અબૂ સઈદ ખુદરી અને અબૂ હુરૈરહ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યુંઃ જેણે જુમ્આના દિવસે ગુસલ કર્યુ, અને સારા કપડા જે તેની પાસે હતા પહેર્યા, અને ખુશ્બુ જે તેની પાસે હતી તો તે પણ લગાડી, પછી જુમ્આ માટે હાજર થયો, અને એનો ખ્યાલ રાખ્યો કે પહેલાંથી બેઠેલા લોકોની ગરદનો ફલાંગતો ન ગયો, પછી (સુન્નતો અને નફિલોની) જેટલી રકાતોની અલ્લાહે તોફીક આપી પઢી, અને જયારે ઈમામ ખુત્બો આપવા માટે આવ્યા, તો અદબ અને ચુપચાપ તેના તરફ ધ્યાન આપી ખુત્બો સાંભળ્યો, એટલે સુધી કે નમાઝ પઢી પરવારી ગયો, તો તે બંદાની એ નમાઝ આ જુમ્આ અને એનાથી આગલી જુમ્આ વચ્ચેના ગુનાહો તથા ભુલો માટે કફ્ફારો થઈ જશે.

ખુલાસો :– શરીઅતમાં જુમ્આના ગુસલનું જે સ્થાન છે. તેનો જે ખાસ હેતુ અને ભાવાર્થ છે તેનું બયાન વિગતવાર "મસ્નૂન અથવા મુસ્તહબ ગુસલ"ના

શિર્ષક હેઠળ પહેલાં વર્ણન થઈ ચુકયું છે. ઉપરોકત બંને હદીષોમાં ગુસલ સિવાય અમૂક બીજા કાર્યોનો પણ ઉલ્લેખ છે. બને ત્યાં સુધી દરેક પ્રકારની સ્વચ્છતા અને સફાઈનો પ્રબંધ સારા વસ્ત્રોની પરાધીનતા, ખુશબોનો વપરાશ, મસ્જિદમાં દરેક એવી વસ્તુનો ખ્યાલ અને સાવચેતી જેનાથી લોકોને તકલીફ પહોંચવા અને આપસના સંબંધો બગડવાનો ભય હોય, જેમકે પહેલાંથી સાથે બેઠેલા બે માણસો વચ્ચે ઘુસીને બેસવું, અથવા લોકોની ઉપરથી કુદીને જવું વગેરે, પછી ત્યાં તોફીક મુજબ નફિલો પઢવી, અને ખુત્બા વખતે અદબ અને ધ્યાન પૂર્વક સાંભળવો, પછી નમાઝ પઢવી, જુમ્આની જે નમાઝ આવી પાબંદી અને અદબ સાથે પઢવામાં આવશે. તેને આ બંને હદીષોમાં આખા અઠવાડીઆના ગુનાહોનો કફફારો અને બખ્શીશ ત્થા માફીનો વસીલો કહેવામાં આવ્યો છે. આમ પણ વિચાર કરી સમજી શકાય છે કે આ બધા અમલો જયારે ખરા અંતઃ કરણથી કરવામાં આવે તો તે બંદાઓના દિલો અને આત્માઓની શું હાલત હશે, અને તેમના જીવન પર એ નમાઝની શું અસર થાય છે. અને પછી અલ્લાહનો તેમની સાથે રહમત અને મગફિરતનો કેવો વર્તાવ થાય છે.

(۲٤۱) عَنْ عُبَيْدَ بْنِ السَّبَاقِ مُرْسَلاً قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ فِى جُمُعَةٍ مِنَ الْجُمُعِ يَا مَعْشَرَ الْمُسْلِمِيْنَ اِنَّ هٰذَا يَوْمٌ جَعَلَهُ اللّٰهُ عِيْداً فَاغْتَسِلُوْا وَمَنْ كَانَ عِنْدَهٗ طِيْبٌ فَلَا يَضُرُّهٗ اَنْ يَمَسَّ مِنْهُ وَعَلَيْكُمْ بِالسِّوَاكِ۔ (رواه مالك ورواه ابن ماجة وهو عن ابن عباس متصلاً)

તરજુમોઃ– હઝરત ઉબૈદ બિન સબ્બાક તાબિઈથી મુરસલ રિવાયત છે કે એક જુમ્આએ સંબોધતા રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યુંઃ મુસલમાનો! અલ્લાહ તઆલાએ જુમ્આના દિવસને ઈદ ગણ્યો છે. જેથી તે દિવસે ગુસલ કર્યા કરો, અને જેની પાસે ખુશ્બુ હોય, તો તેના માટે કોઈ વાંધો નથી કે તે ખુશ્બુ લગાવે અને તે દિવસે દાંતણ જરૂર કર્યા કરો,

(મુઅત્તા ઈમામ માલિક અને સુનને ઈબ્ને માજા એ આ હદીષ અબ્દુલ્લાહ બિન અબ્બાસથી મુત્તસિલ રિવાયત કરી છે.)

# પીર સાહેબ હઝ. અકસદ મવલાના મુહમ્મદ તલ્હા કાંધલ્વી રહ.

શૈખુલ હદીસ હઝરત અકદસ મવલાના ઝકરિયા રહ.ના સાહબઝાદહ, બાનીએ તબ્લીગ હઝરતજી મવલાના ઈલ્યાસ સા. રહ.ના નવાસા, જામિઅહ મઝાહિર ઉલૂમ સહારનપૂર અને દારૂલ ઉલૂમ દેવબંદના સરપરસ્પ હઝરત મવલાના મુહમ્મદ તલ્હા કાંધલ્વી રહ. લાંબી માંદગી બાદ ૧૨, ઓગસ્ટ ૨૦૧૯, ઈદુલ અદહા ૧૪૪૦ હિ.ના દિવસે બપોરે ઈન્તેકાલ ફરમાવી ગયા. إنا لله و إنا إليه راجعون.

૨, જુમાદિલ ઉલા ૧૩૬૦ હિ., ૨૮ મે ૧૯૪૧ હિ., રવિવારના રોજ મરકઝ નિઝામુદ્દીન ખાતે આપ રહ.નો જન્મ થયો હતો. આરંભિક તાલીમ અને હિફ્જે કુરઆન નિઝામુદ્દીન અને સહારનપૂર, બન્ને સ્થળોએ ચાલતી રહયાં, અને ૧૬ રજબ ૧૩૭૫ હિ., ૨૯ ફેબ્રુઆરી, ૧૯૫૬ ઈ.ના રોજ શાહ અબ્દુલકાદિર રાયપૂરી રહ.ની મજલિસમાં હિફ્જ પૂર્ણ ફરમાવ્યું. પછી સહારનપૂર ખાતે ફારસી તાલીમની શરૂઆત થઈ. પછી ૬ વરસ નિઝામુદ્દીન ખાતે અરબી તાલીમમાં મશ્ગૂલ રહયા. અને ૧૩૮૧ હિ.માં નિઝામુદ્દીનથી સહારનપૂર આવ્યા અને મઝાહિર ઉલૂમમાં દાખલો લઈને હિદાયા અવ્વલૈન, મકામાત વગેરે કિતાબો પઢી, પછી દવરએ હદીસ ૧૩૮૩ હિ.માં મદરસા કાશિફુલ ઉલૂમ નિઝામુદ્દીન ખાતે પૂર્ણ ફરમાવ્યું. બુખારી શરીફ હઝરતજી મવલાના ઈન્આમુલ હસન સા. રહે પાસે પઢી. તહાવી શરીફ હઝરતજી મવલાના યૂસુફ સા. રહ. પાસે અઅને તિરમિઝી – મુસ્લિમ શરીફ હઝરત મવલાના ઉબૈદુલ્લાહ સા. રહ. પાસે પઢી. અબૂદાવૂદ શરીફ મવ. ઈઝહારુલ હસન સા. રહ. પાસે પઢી.

દીની તાલીમથી ફારિગ થઈને હઝરત અકસદ રાયપૂરી રહ.ના હાથે બયઅત થયા. અને પોતાના વાલિદે મોહતરમની નિગરાનીમાં ઝિક્ર – શુગ્લ અને સુલૂકની રસ્તે આગળ વધ્યા. રબીઉલ અવ્વલ ૧૩૯૧ હિ.માં

હઝરત શૈખુલ હદીસ રહ.એ આપને ખિલાફતથી નવાઝયા.

૧૪૦૨ હિ.માં હઝરત શૈખુલ હદીસ મવલાના ઝકરિયા રહ.ની વફાત થઈ ત્યાર પછી એમના સ્થાને આપ રહ.ને મઝારિહ ઉલૂમના સરપરસ્ત બનાવવામાં આવ્યા.

સ્વભાવમાં ઘણી જ સાદગી અને નિખાલસતા ધરાવતા હતા. સદાએ ઝિક્ર–તસ્બીહમાં પ્રવૃત રહેવાને પસંદ કરતા હતા. મળનારને આત્મીયતા સાથે આવકારતા અને કંઈને કંઈ મહેમાની કરી જ રવાના કરતા હતા. કોઈ ઓળખીતો માણસ આવીને વહેલો રવાના થઈ જાય તો નારાજ થઈ જતા. પોતાના ખાદિમોને મહેમાની દેખભાળ અને ખિદમતની વિશેષ તાકીદ ફરમાવી હતી અને પોતે પણ એની નિગરાની કરતા રહેતા હતા.

હક વાત ખુલ્લી રીતે, કોઈ પણ શેહશરમ વગર કહેતા હતા. ખાસ કરીને જે લોકો એમને મળવા જતા એમના લિબાસ – પહેરવેશ અને ચાલ – ચલન વિશે ખુલીને ટકોર ફરમાવતા હતા અને કોઈ વાર સખત શબ્દોમાં તો કોઈ વાર સુન્નતની એટલી અહમિયત બયાન કરતા કે આવનાર માણસ તોબા કરીને જ પાછો જતો.

મુજ નાચીઝને એમ તો હઝરત મવલાના તલ્હા સા. રહ. સાથે કોઈ વિશેષ સંબંધ ન હતો. અલબત્ત અનેકવાર મુલાકાતની સઆદત જરૂર મળી છે. એમની મહાનતા અને અકીદત પણ દિલમાં હતી અને છે. એકવાર જામિઅહના મુહતમિમ – સ્થાપક હઝ. અકદસ મુફતી અહમદ સાહેબ સાથે સફરમાં એમની સેવામાં હાજર થવાનો મોકો મળ્યો હતો. આગળની સફર હતી, હઝરત મુફતી સાહેબે અરજ કરી કે આગળ દેવબંદ જવાનું છે, અને ત્યાં જ ખાવાનું છે, તો ઘણા જ નારાજ થયા અને ફરમાવ્યું કે, એક સમયનું ખાવા પૂરતા પણ અમારી પાસે નથી રોકાવાના ? આ તે કેવું ?

હઝરત મવલાના અલી મીયાં નદવી રહ. લખે છે કે, હઝરત મવલાના અબ્દુલ કાદિર રાયપૂરી સા.ની એમના ઉપર વિશેષ નજર હતી. અમુક વાર તો એમના માટે પોતાની સફર પણ મુલતવી કરી દેતા અને ફરમાવતા

કે તલ્હાએ મને રોકી લીધો. આ સિવાય હઝરત શૈખુલ હદીસ રહ. પાસે આવનાર બધા જ બુઝુર્ગો, ઉલમા અને વલીઓને આપના ઉપર વિશેષ નજર હતી. અલ્લાહ તઆલાએ આપ રહ.ને નમ્રતા– તવાઝુઅ, ખિદમતો શોખ, ઈન્તેઝામી આવડત, સલાહ – મશ્વેરામાં સાચી સમજ વગેરે ઉચ્ચ ગુણોથી નવાઝયા હતા. હઝરત શૈખુલ હદીસ રહ.થી સંબંધ રાખનારા અને જેમની સાથે હઝરત શૈખુલ હદીસ રહ.ને સંબંધ હતો, એ બધાના મરતબા અને સંબંધોની હેસિયતને આપ રહ. ખૂબ સારી રીતે જાણતા હતા અને એ પ્રમાણે જ દરેક સાથે સદવર્તન કરતા હતા.

હઝરત શૈખુલ હદીસ રહ.એ એમની કેળવણી પ્રત્યે વિશેષ ધ્યાન આપ્યું હતું. શકય હોય એટલી હદે એમના અંદર મોટા બાપના બેટા હોવાનો એહસાસ ન આવે, એનો ખ્યાલ રાખ્યો હતો.

હઝરત શૈખુલ હદીસ રહ.ના જીવનના છેલ્લા દિવસોમાં તેઓ એમની વાલિદહ સાથે મદીના શરીફ આવી ગયા હતા. અને પોતાના વાલિદ હઝરત શૈખુલ હદીસ રહ.ની ખિદમતમાં રહયા. અને હઝરત શૈખુલ હદીસ રહ.ની વફાત થઈ તો સબ્ર અને ધીરજ અપનાવીને અન્યો માટે પણ સબ્ર – ધીરજનો સબબ બન્યા.

જીવનના છેલ્લા વરસોમાં આપ રહ.ને અનેક બીમારીઓએ ઘેરી લીધા હતા. અશકત પણ હતા. અને વફાત પૂર્વે અમુક મહીનાઓ સુધી મદીના મુનવ્વરહ ખાતે હોસ્પિટલમાં સારવાર હેઠળ રહયા. ત્યાંથી તબિયત થોડી સુધરી અને ઈન્ડીયા આવવાને થોડો જ સમય થયો હતો, અને પાછા બીમાર પડયા. અને આખરે ઈદુલ અદહાના દિવસે આખિરતની સફરે રવાના થયા.

અલ્લાહ તઆલા હઝરતની મગફિરત ફરમાવે. જન્નતુલ ફિરદોસમાં ઉચ્ચ સ્થાન અતા ફરમાવે. એમની સઘળી નેકીઓ, દીની તાલીમ – તરબિયતના સદકએ જારિયહને કુબૂલ ફરમાવે. એમની બરકતોને વફાત પછી પણ ઉમ્મત માટે જારી રાખે. અને ઉમ્મતના અન્ય લોકોને એમના કદમે ચાલીને એમનું સ્થાન પૂર કરવાની તોફીક આપે. આમીન. *=ફરીદ અહમદ કાવી.*

# મદરસાઓના પૈસા અને તલબાનો હુકમ સાચી નિયતે રાજકીય પ્રવૃતિઓ પણ જેહાદ છે.

હઝરત અકદસ શૈખુલ હદીસ મવલાના ઝકરિયા રહ.ની કિતાબ 'ઈસ્લામી સિયાસત'નો ક્રમશ અનુવાદ. *મુફ્તી ફરીદ અહમદ કાવી.*

(૧૧) આ બાબત પણ વિચારવાની છે કે તલબાને એમના જે કોઈ વાલીઓ દ્વારા ફકત અને ફકત તાલીમ માટે મદરસાને હવાલે કરવામાં આવ્યા છે, એમાં ઘણા વાલીઓ પોતે વર્તમાન ચળવળોના હિમાયતી અને કાર્યકર છે. અને એમને જયારે એમના પુત્રો વિશે કહેવામાં આવે છે કે છોકરા આવી તેવી રાજકીય પ્રવૃતિઓમાં ભાગ લે છે, તો તેઓ શિકાયત કરે છે, આવા પત્રો મદરસાના વ્યવસ્થાપકો ઉપર આવે છે, અને વાતચીતમાં તેઓ કહે છે કે રાજકરણ તો અમારી સાથે રહીને એ શીખી જશે, હમણા મદરસામાં એને ફકત તાલીમી કાબેલિયત અસલ મકસદ છે.

(૧૨) એક બાબત તે પૈસાઓની પણ છે, જે લોકો પાસેથી ઈલ્મના નામે ઉઘરાવવામાં આવે છે. આપનારા ફકત ઈલ્મી પ્રવૃતિઓ માટે જ પૈસા આપે છે. ચંદો આપનાર અમુક માણસો એવા પણ હશે જે જરૂરત પડયે રાજકીય કામોમાં વાપરવાના વિરોધી નહીં હોય, પરંતુ ઘણા બધા લોકો એવા હશે જેમને ખબર પડે કે આ પૈસા ફલાણા આવા કામમાં વપરાશે અને આ પૈસા મેળવનાર તલબા આવી પ્રવૃતિઓ પણ કરે છે તો તેઓને નાપસંદ કરશે. અમુક માણસો તો શરત કરે છે કે આવા તલબાને અમારા પૈસા આપવાની પરવાનગી નથી. આવી સ્થિતિમાં એહતિયાત આ જ છે કે મદરસામાં આવનાર પૈસાને ઘણી જ સાવચેતીથી વાપરવામાં આવે. મુદર્રિસીન તો એહતિયાત કરી શકે છે કે એમનો કંઈક સમય અન્ય કામોમાં વપરાય તો પછી શરઈ રીતે બીજા સમયમાં એની ભરપાઈ કરી દે. પરંતુ તલબા આમ કરી શકે છે ? અને કરી શકતા હોય તો સાચે જ એમ કરે છે ખરા ?

આ અમુક વાતો નમુના રૂપે લખી છે. વિચારીએ તો આ વિષયે વધુ ચર્ચા કરી શકાય છે.

ઈમામ ગિઝાલી રહ.એ એહયાઉલ ઉલૂમમાં લખ્યું છે કે ઈલ્મ પ્રાપ્તિ માટે ઘણા બધા શિષ્ટાચાર અને શરતો છે. એમાં દસ બાબતો બુનિયાદી છે.

એક આ છે કે તાલિબે ઈલ્મ કોઈ બીજા કામમાં પ્રવૃત ન થાય. ઘરબાર અને વતનથી દૂર જઈને ઈલ્મ મેળવે. જેથી ઘરેલું જરૂરતો આડે ન આવે. સામાન્ય રીતે સંબંધો માણસને ઈલ્મથી દૂર કરી દે છે. અલ્લાહ તઆલાનો ઈરશાદ છે કે એક માણસના સીનામાં બે દિલ નથી હોતા. અને આ કથન પણ પ્રચલિત છે કે, ઈલ્મ – વિદ્યાનો એક અંશ પણ માણસને ત્યારે જ મળે છે, જયારે માણસ પોતાનું સર્વસ્વ ઈલ્મને હવાલે કરી દે. ઈમામ ગિઝાલી રહ. ફરમાવે છે કે જે દિલ વિવિધ પ્રવૃતિઓમાં મશ્ગૂલ રહે, એનું ઉદાહરણ ખેતરમાં પાડેલી પાણીની એવી કયારી જેવું છે, જેની પાળ ન બાંધી હોય. એમાંથી થોડું થોડું પાણી આમ તેમ વહી જશે, થોડું હવામાં ઉડી જશે. અને ખેતરની સીંચાઈ માટે ઘણું થોડું કામ આવશે.

મને આ વાસ્તવિકતા સ્વીકારમાં કોઈ વાંધો નથી કે, તલબાની જમાત બે ફિકર હોય તો એ મકસદમાં વધારે કામ્યાબ થશે. પરંતુ આજના ઝમાનામાં બીજા અનેક નુકસાનો પણ છે. અને શરીઅતના નિયમ મુજબ નફો રળવા કરતાં નુકસાનથી બચવું વધારે સારું.. એટલે જયાં સુધી માહોલમાં પરિવર્તન આવે, આ બાબત નુકસાનકારક છે. હા, તલબાને એમની મર્યાદામાં રાખવાની કોઈ શકલ હોય તો અલગ વાત છે.

તમારા જવાબનો ત્રીજો ભાગ તલબા – વિદ્યાર્થી ન હોય એવા લોકો માટે છે. જે લોકો દીનના કોઈ વિશેષ કામમાં મશ્ગૂલ નથી, એમણે સાચે જ આવી રાજકીય પ્રવૃતિઓમાં શોખથી ભાગ લેવો જોઈએ, પરંતુ દયાનતદારી સાથે.. એવી રીતે કે કાલે અલ્લાહ તઆલા સમક્ષ રજૂ કરી શકાય. આમાલનામામાં સોનેરી શબ્દોએ લખી શકાય. જિહાદ દીનનું મોટું કામ છે. અને દરેક તે કામ જે અલ્લાહની વાતની તબ્લીગ, પ્રચાર –

પ્રસાર માટે ઉપયોગી હોય, માણસ માટે લાભદાયી અને જરૂરી છે. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો ઈરશાદ છે : એક દિવસ કોઈ ઈસ્લામી દેશની સરહદની હિફાઝતમાં પસાર કરવો, આખી દુનિયા અને દુનિયામાં જે કંઈ છે, એ બધાથી અફઝલ છે. અને અલ્લાહના રસ્તામાં સવારે કે સાંજે ચાલવું – નીકળવું દુનિયાની દરેક વસ્તુથી અફઝલ છે.

બીજી એક હદીસમાં છે કે, એક દિવસ રાત માટે સરહદની હિફાઝત એક મહીનાના નફલ રોઝાથી અફઝલ છે. અને એક મહીનાની રાતની ઈબાદતથી અફઝલ છે. અને આ જ સ્થિતિમાં કોઈની મોત આવી જાય તો સદકએ જારિયહ સ્વરૂપે એના લગાતાર એના આમાલમાં વધારો થતો રહેશે.

બીજી હદીસમાં છે કે જે માણસ આવી સ્થિતિમાં મરશે તો કયામત સુધી એને નેક આમાલનો સવાબ મળતો રહેશે. અને કબ્રના ફિત્નાથી મહફૂઝ રહેશે. અને કયામતના દિવસે જે એને કોઈ ગભરામણ નહીં હોય.

એકવાર હઝરત અબૂહુરૈરહ રદિ. કોઈ સ્થળે ઉભા હતા. કોઈએ પૂછયું કે શા માટે ઉભા છો ? આપ રદિ.એ ફરમાવ્યું : મેં અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના મોઢે સાંભળ્યું છે કે અલ્લાહના રસ્તામાં થોડી વાર ઉભા રહેવું હજરે અસ્વદ પાસે શબે કદ્રમાં ઈબાદત માટે જાગતા રહેવા કરતાં વધારે અફઝલ છે.

એક હદીસમાં છે કે આવા માણસની એક નમાઝ બીજાની પાંચસો નમાઝો કરતાં અફઝલ છે. અને એનો એક રૂપિયો બીજાના સાતસો રૂપિયા કરતાં વધારે અફઝલ છે.

એક હદીસમાં છે કે બે માણસો સૌથી શ્રેષ્ઠ ગણાય છે. એક : જેની પાસે અમુક જાનવરો હોય, જેનાથી એની રોઝી – રોટી ચાલતી હોય, માણસ એ જાનવરોનો હક અદા કરે અને બાકીનો સમય પોતાના રબની ઈબાદતમાં મશ્ગૂલ રહે. બીજો : તે માણસ જે ઘોડાની લગામ પકડીને અલ્લાહના દુશ્મનોને ડરાવતો રહે અને સામે દુશ્મન પણ એને ડરાવતો

હોય.

ઉપરોકત હદીસમાં પ્રથમ જે માણસનું વર્ણન છે એનો મતલબ આ છે કે માણસ પાસે સામાન્ય પ્રમાણમાં રોઝી રોટીનું સાધન હોય, અને એના ઉપર સંતોષ કરીને ઈબાદતમાં મશ્ગૂલ રહેવાને વધારે પસંદ કરતો હોય. બીજા માણસનું જે વર્ણન છે એનો મતલબ આ છે કે દુશ્મનને ડરાવવાનું કોઈ પણ સાધન – હથિયાર એની પાસે હોય, એ ઝમાનામાં ઘોડો લડાઈનું મોટું હથિયાર ગણાતું હતું. અનેક હદીસોમાં આ વાત પણ મોજૂદ છે કે બે આંખો એવી છે જેને જહન્નમની આગ નહીં લાગે. એક જે આંખ અલ્લાહના રસ્તામાં જાગતી હોય, અને બીજી તે આંખ જે અલ્લાહના ડરથી કોઈ સમયે રડી હોય.

એકવાર નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : હું તમને બતાવું ? શબે કદ્રથી પણ વધારે અફઝલ રાત કયી છે ? તે રાત જેમાં દીનની હિફાઝત માટે કોઈ ખતરાના મુકામે માણસ જાગે, અને સંજોગો એવા હોય કે એને આશા પણ ન હોય કે એ પોતાના બીવી બચ્ચાઓ પાસે સહી સલામત પાછો જશે કે કેમ ?

એક હદીસમાં છે કે કયામતના દિવસે દરેક આંખ રડતી હશે, પણ જે આંખમાંથી એક માખી જેટલાં પણ આંસુ અલ્લાહના ખોફના નીકળ્યા હશે, એ રડતી ન હશે.

એક હદીસમાં છે કે જે માણસ અલ્લાહના રસ્તામાં કંઈ ખર્ચ કરે છે એને સાતસો ગણો સવાબ મળે છે.

એક હદીસમાં છે કે જે માણસ કોઈ મુજાહિદની મદદ કરે તો એ પણ મુજાહિદ ગણાશે. અને જે કોઈ મુજાહિદના ઘરવાળાઓની ખબર રાખે, એ પણ મુજાહિદ છે.

એક હદીસમાં છે કે જે માણસ કોઈ મુજાહિદની મદદ કરે, કે કોઈ કર્જદારની મદદ કરે, તો અલ્લાહ તઆલા એને એવા દિવસે પોતાની રહમતના છાંવમાં રાખશે જયારે એ સિવાય કોઈ બીજી છાંવ ન હશે.

એક હદીસમાં છે : તે માણસ ઘણો મુબારક છે જે જિહાદમાં પણ

અલ્લાહ તઆલાનો ખૂબ ઝિક્ર કરે, એને દરેક કલિમહ ઉપર સિત્તેર હઝાર નેકીઓ મળે છે. અને દરેક નેકીનો દસ ગણો સવાબ મળે છે. અને અલ્લાહ તઆલા પાસે જે ખાસ ઈનામ મળશે એ અલગ..

એક હદીસમાં છે કે જે માણસ અલ્લાહ તઆલાના ખોફથી રડયો હોય તો જયાં સુધી દૂધ જાનવરના બાવલામાં પાછું ન જતું રહે, એ માણસ જહન્નમમાં નહીં જાય. એટલે કે આવા માણસનું જહન્નમમાં જવું અશકય છે. અને જે નાકમાં અલ્લાહના રસ્તાનું ધૂળ ગઈ હોય એમાં જહન્નમની આગનો ધુમો પણ નહીં જાય.

એક હદીસમાં છે કે જે કદમો ઉપર અલ્લાહ તઆલાના રસ્તાની ધૂળ પડી હોય ત્યાં જહન્નમની આગ નહીં લાગે. એક હદીસમાં છે કે જે ચહેરા ઉપર અલ્લાહના રસ્તાની ધૂળ લાગી હોય ત્યાં જહન્નમની આગનો ધુમાડો પણ નહીં લાગે. એક હદીસમાં છે કે જે માણસને અલ્લાહના રસ્તામાં કોઈ ઝખમ લાગે, એના ઉપર કયામતના દિવસે શહીદ હોવાની મુહર (નિશાની) લાગેલી હશે. અને તે ઝખમ ઝઅફરાનની જેમ ચમકતું હશે. અને એમાંથી જે ખૂશ્બૂ અને મહેક આવશે એનાથી દરેક માણસ ઓળખી લેશે કે આ ઝખમ અલ્લાહના રસ્તામાં લાગ્યું છે.

એકવાર નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ એક કાફલા સાથે કયાંક તશરીફ લઈ જઈ રહયા હતા. કાફલામાં એક યુવાન હતો. જે રસ્તાથી અલગ ચાલી રહયો હતો. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એને પૂછયું કે તમે કેમ અલગ ચાલો છો ? એણે જવાબ આપ્યો કે ધૂળના કારણે. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : આ ધૂળથી દૂર રહેવાની જરૂરત નથી. આ ધૂળ તો કયામતના દિવસે મુશ્કની રજકણ બની જશે. એક હદીસમાં છે કે જે માણસ અલ્લાહના રસ્તામાં એક તીર ચલાવે, ચાહે તે નિશાને લાગે કે ન લાગે, એને એક ગુલામ આઝાદ કરવાનો સવાબ મળશે.

આ બધા ઉપરાંત સેંકડો હદીસોમાં એની ફઝીલત અને છોડવા બાબતે વઈદો વર્ણવવામાં આવી છે. ● ● ● ● ● ● ●

# સ્વચ્છતાનું મહત્વ
# ઈસ્લામ અને વિદ્વાનોની દ્રષ્ટિએ

● *એહમદહુસૈન ગાઝી, મૌલાના મદની મેમો. હા. જંબુસર.*

પ્રિય વિદ્યાર્થીઓ અને સજ્જનો ! સરકારે પહેલી ઓગષ્ટથી પંદરવી ઓગષ્ટને સ્વચ્છતા પખવાડિયા તરીકે જાહેર કર્યુ છે. તેના વિશે આપણે ચર્ચા – વિચારણા કરવા એકત્ર થયા છે.

ઈસ્લામ એક એવો પવિત્ર અને વાસ્તવિકતા પર આધારિત ધર્મ છે જે દુનિયાના બીજા ધર્મોમાં પણ સ્વચ્છતા અને સફાઈ પર આગવું સ્થાન ધરાવે છે. ઈસ્લામ માનવીના આંતરિક અને બાહ્ય બંનેને શણગારે છે. કુર્આન શરીફમાં અલ્લાહ તઆલા ફરમાવે છે : "અને ગંદકીથી દૂર રહો." (સૂરએ મુદષ્ષિર)

બીજી જગ્યાએ ફરમાવ્યું : "તેમાં એવા નેક લોકો છે જેઓ ખૂબ પવિત્ર – સ્વચ્છ રહેવાને પસંદ કરે છે અને અલ્લાહ તઆલા ખૂબ પવિત્ર – સ્વચ્છ રહેનારાઓને જ ચાહે છે." (સૂરએ તૌબા)

સ્વચ્છતા વિશે હદીસ શરીફમાં છે : " સફાઈ – સ્વચ્છતા અર્ધુ ઈમાન છે."

બીજી હદીસમાં ફરમાવ્યું : "સફાઈ ઈમાનનો ભાગ છે"

કુર્આન અને હદીસને જોતા માલૂમ થાય છે કે ઈસ્લામ સફાઈ પસંદ ધર્મ છે. જે માનવીને જન્મથી લઈને મૃત્યુ સુધી સ્વચ્છ રહેવાની તાલીમ આપે છે અને તેમાં માનવીના શરીરની સ્વચ્છતાથી લઈને સોસયટી, મોહલ્લો અને સામુહિક સ્વચ્છતાના હુકમો આપે છે. જયાં સ્વચ્છતા હશે ત્યાં તંદુરસ્તી હશે. આપણું શરીર કુદરત તરફથી મળેલી ભેટ છે. તેને સ્વસ્થ રાખવું ખૂબ જ જરૂરી છે. જયાં સ્વચ્છતા હોય છે ત્યાંથી બિમારીઓ દૂર થઈ જાય છે. મચ્છર અને બીજા પ્રકારના જીવ જંતુઓ ભાગી જાય છે. જેવી રીતે સૂર્ય નીકળવાથી અંધાળુ દૂર થઈ જાય છે તેવી રીતે સ્વચ્છતાથી બિમારીઓ, ગમ અને હતાશા દૂર થઈ જાય છે.

ઈસ્લામ ધર્મ આપણને સ્વચ્છ રહેવાની પ્રેરણા આપે છે. સ્વચ્છતા ઈસ્લામનો ઉત્તમ અમલ છે. નમાઝ જેવી પાયાની ઈબાદત ત્યાં સુધી સંપૂર્ણ થતી નથી જયાં સુધી આપણું શરીર, પોશાક અને જગ્યા સ્વચ્છ ન હોય. માટે દિવસ– રાત્રિ દરમિયાન પાંચ વખતે પોતાના હાથ, દાંત, નાક, મોઢુ અને પગ વગેરે વુઝૂમાં ધોવામાં આવે છે, સ્વાસ્થય માટે સ્નાન પણ ખૂબ જ જરૂરી છે, એટલે સ્નાન પણ નિયમિત કરવું જોઈએ. એક આશ્ચર્યની વાત છે કે અગિયારમી સદીમાં ફ્રાંસના

બાદશાહ ફેડરિક બીજાને તે સમયના ધાર્મિક વડા પોપ દ્વારા મૃત્યુની સજા ફરમાવવામાં આવી. તેના અપરાધોમાં અગત્યનું અપરાધ એ હતું કે તે મુસલમાનોની જેમ દરરોજ સ્નાન કરે છે.

હઝ. આઈશા રદિ. નબીએ કરીમ (સલ.)નો ઈર્શાદ નકલ કરે છે કે દસ વસ્તુઓ ફિતરતમાંથી છે. તેમાં મિસ્વાક કરવું, પાણીથી નાક સાફ કરવું, નખ કાપવા, બગલના વાળ કાપવા, ડુંટી નીચેના વાળ કાપવા વગેરે છે.

હદીસ શરીફમાં છે "અલ્લાહ તઆલા અસ્વચ્છ શરીર અને વિખુટા વાળોને પસંદ કરતા નથી. એટલે વાળોની પણ બરાબર સફાઈ રાખવી જોઈએ. એવી જ રીતે નખની પણ બરાબર સફાઈ કરવી જોઈએ અને નખને અઠવાડિયામાં કાપી નાંખવા જોઈએ. નખ દ્વારા પણ અનેક જીવાણુંઓ ખાવાની સાથે પેટમાં જાય છે અને તે દ્વારા ઘણી બિમારીઓ જન્મે છે. માટે નખ પણ લાંબા ન થવા દઈએ.

આપ (સલ.) એ રસ્તાઓની સફાઈનો હુકમ આપતા ફરમાવ્યુંઃ રસ્તાઓના હક્કો અદા કરો. એટલે ત્યાંથી કાંટાઓ અને તકલીફ આપનારી વસ્તુઓને હટાવી દો. આપ (સલ.) એ બેકટેરિયા અને સુક્ષ્મ જંતુઓથી બચવા માટે પણ તાલીમ આપી હતી કે વાસણો ઢાંકીને રાખો અને મશક–માટલાનું મોઢું બંધ રાખો.

મહાત્મા ગાંધી સ્વચ્છતા અને સ્વસ્થતાના વિશેષ આગ્રહી હતા, તે માટે લોકોનું ધ્યાન કેન્દ્રિત કરેલ હતું. "કોઈ પણ વ્યકિતએ ગલીમાં અને જાહેર રસ્તાઓ ઉપર થૂંકવું જોઈએ નહીં અને નાક સાફ કરવું જોઈએ નહીં. આવા કિસ્સાઓમાં ઘણી વખત એમાંથી જીવાણુઓ અને બેકટેરિયાના ફેલાવાથી બીજી વ્યકિતઓના સ્વાસ્થય માટે હાનિકારક થઈ શકે છે અને એમને ટીબી જેવી બીમારી થવાની સંભાવના રહે છે. (નવજીવન, ૨ નવેમ્બર ૧૯૧૯)

મેં આજથી ૩૫ વર્ષ પહેલા એવું શીખેલ હતું કે શૌચાલય આપણા ડ્રોઈંગ રૂમ જેવું સ્વચ્છ હોવું જોઈએ. આ બાબત મેં પશ્ચિમની દુનિયાથી શીખેલ, મારુ માનવું છે કે પૂર્વ કરતા પશ્ચિમના દેશોમાં શૌચાલયને સાફ રાખવાની વધુ તકેદારી રાખવામાં આવે છે. ઘણી બધી બિમારીઓના કારણોમાં શૌચાલયની સફાઈ અને આપણી ગમે ત્યાં, ગમે ત્યારે શૌચ કરવાની આદતોથી વધુ બિમારીઓ ફેલાય છે. (નવજીવન, ૨૪ મેં, ૧૯૨૫)

ગામડાઓમાં પાણીની ટાંકીઓ અને તળાવોનો ઉપયોગ ન્હાવા, કપડા ધોવા, પાણી પીવાના અને રાંધવાના કામમાં ઉપયોગમાં લેવામાં આવે છે. ઘણી વખત બળદોને એમાં તરતા જોવામાં આવેલ છે અને આશ્ચર્યની વાત તો એ છે કે આવા પાણીના અપરાધિક દુરૂપયોગ છતાં પણ ગામડાના લોકોએ એને દૂર કરવાના કોઈ

પ્રયત્ન કરેલ નથી. આ એક જગ જાહેર વૈશ્વિક પુરાવો છે કે ગંદા પાણીની સપ્લાયથી ગામડાઓમાં બીમારીઓનું પ્રમાણ વધે છે અને ગ્રામવાસીઓ બીમારીઓથી પીડાય છે (નવજીવન, ૮ ફેબ્રુઆરી ૧૯૩૫)

હઝરત મૌલાના અબ્દુલ્લાહ કાપોદ્રવી (રહ.) એ એક વખતે સ્વચ્છતા ઉપર ભાર મૂકતા કહયુંઃ આજે મુસલમાનોના ગામડામાં સ્વચ્છતા જેવી કોઈ વસ્તુ નથી. એક વહીદુદ્દીનખાન છે. દિલ્લીમાં એડિટર છે. ત્રણ ભાષાઓમાં મેગેઝીન કાઢે છે તેમણે એક વખત લખ્યું હતુ કે આપ કોઈ શહેરમાં જાઓ અને ત્યાં પૂછવાની જરૂરત નથી આ પારસીઓનો મહોલ્લો છે કે મુસલમાનોનો મહોલ્લો. જો બકરીઓ બાંધેલી હોય, ખાટલાઓ પડેલા હોય, લુંગીઓ લટકેલી હોય તો મુસલમાનોનો મહોલ્લો છે. તેણે એવું લખ્યું હતું કે આપણી ઓળખ બની ગઈ છે અને જયાં સ્વચ્છતા છે મકાનની સામે ફૂલો છે તો તે પારસીઓના મહોલ્લા છે. તમે ભરૂચ – નવસારીમાં જાઓ તો જોઈને કહી શકો કે આ પારસીઓના મહોલ્લા છે.

હું જયારે પણ કોઈ ગામમાં અથવા શહેરમાં જાઉં છું તો મને ખૂબ જ દુઃખ થાય છે. અલ્લાહના રસૂલ (સલ.) ફરમાવે છે :તમે તમારા આંગણાને સ્વચ્છ રાખો. આ નબીની તાલીમ છે. અલ્લાહ તઆલા ફરમાવે છે : અલ્લાહ તઆલા પાક સાફ રહેનારાઓને પસંદ કરે છે.

એક વખતે અલીગઢ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ જઈ રહયા હતા અને તેઓ ખાતા ખાતા જઈ રહયા હતા અને કેળા ખાઈને છાલ આમતેમ ફેંકી રહયા હતા. ડો. ઝાકીર હુસેન સા. પાછળથી આવી રહયા હતા તેઓ તે સમયે અલિગઢ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર હતા. તેમણે જોયું કે વિદ્યાર્થીઓ કેળા ખાઈને આમ તેમ છાલ નાંખી રહયા છે તેમણે તેઓને કઈ ન કહયું અને પોતાના ખિસ્સામાંથી રૂમાલ કાઢયું અને તેઓએ જેટલા છાલ નાંખતા હતા તે રૂમાલમાં એકત્ર કરતા હતા. અચાનક એક વિદ્યાર્થીએ જોયું કે પાછળથી અવાજ શાનો છે ? તો જોયું કે ડો. ઝાકિર હુસૈન છે. વિદ્યાર્થીઓ ઊભા થઈ ગયા અને માફી માંગવા લાગ્યા, તો ઝાકિર હુસેને કહયું કઈ નહીં તમે નાંખો હું સાફ કરી નાંખીશ, પરંતુ તેમણે વિદ્યાર્થીઓને એક પાઠ શિખવાડયો કે તમે કોલેજના વિદ્યાર્થીઓ છો.

અંતમાં પોતાની સફાઈની સાથે પોતાની ગલી, મોહલ્લો, શાળા અને ગામ કે શહેર સ્વચ્છ રાખવું જોઈએ. આમતેમ કચરો ન નાંખવો જોઈએ, રસ્તા પર પાણી ન નાંખવું જોઈએ. અઠવાડિયામાં એક વખતે સામુહિક સફાઈ કાર્યક્રમ રાખી મોહલ્લા અને નગરને સ્વચ્છ બનાવીએ, ઉપરાંત સરકાર દ્વારા યોજાતા સ્વચ્છતા અભિયાનના કાર્યક્રમોમાં સહકાર આપવો જોઈએ.

# નબીએ કરીમ (સલ.)ની ત્રણ અનમોલ નસીહતો

અ.મજીદ કોઠી

હઝરત અબૂ ઐયુબ અન્સારી (રદી.) ફરમાવે છે કે, એક સહાબી (રદી.) એ નબી (સલ.)ની સામે અરજ કરી કે (હે અલ્લાહના રસૂલ!) મને ટુંકમાં કંઈક નસીહત કરો. (તો) નબી (સલ.)એ ફરમાવ્યું : "જયારે તમે નમાઝ પઢવા માટે ઊભા થાવ તો એ રીતે નમાઝ પઢો જાણે તમે સર્વ વસ્તુઓને ત્યજી દીધી અને (કદી)એવી વાત ન કરો જેથી કાલે બહાનું બનાવવું પડે અને જે કંઈક લોકો પાસે છે એની આશા છોડી દો. (મિ. મસાબીહ: ૪૪૫)

ઉકત હદીસમાં સૌ પ્રથમ આપ (સલ.) આ નસીહત કરે કે "જયારે તમે નમાઝ પઢવા માટે ઊભા થાવ તો એ રીતે નમાઝ પઢો કે તમે સર્વ વસ્તુઓને ત્યજી દીધી. એટલે કે નમાજ એ રીતે પઢો જાણે તમે જિંદગીની છેલ્લી નમાજ પઢી રહયા છો. કેમકે દેખીતી વાત છે કે ફજર પઢનારને ખબર નથી હોતી કે તેને ઝોહરની નમાઝ પઢવાનો મોકો મળશે કે નહીં ! અને ઝોહર પઢનાર આ બાબતે અજાણ હોય છે કે તેને અસર, મગ્રિબ અને ઈશાની નમાઝ પઢવાનો મોકો મળશે કે નહીં.

આ હકીકત તરફ કુર્આને આ રીતે ઈશારો કર્યો છે :

وَمَاتَدْرِیْ نَفْسٌ مَّاذَا تَکْسِبُ غَدًا

કોની સાથે કાલે શું મામલો થશે તે અલ્લાહ સિવાય કોઈ જાણતું નથી.

*(સૂરએ લુકમાન)*

માટે દરેક નમાજને છેલ્લી નમાજ સમજી પઢવામાં આવે, આવું કરવાથી નમાજમાં ખુશૂઅ પેદા થશે.

બીજો મતલબ આ છે કે માણસ જયારે પોતાના અલ્લાહ (પાલનહાર) સમક્ષ નમાઝમાં ઊભો રહે તો આમતેમના વિચારોથી બની શકે એટલું બચે, ધ્યાન અલ્લાહ તઆલા સમક્ષ રહેવું જોઈએ જાણે અલ્લાહ તઆલા આપણી

સામે ઊભા છે અને તે આપણને જોઈ રહયા છે, અથવા આપણે તેમને જોઈ રહયા છે એવું ધ્યાન ધરે, નમાજમાં દુનિયાની દરેક વસ્તુને ભુલી જઈ કેવળ અલ્લાહ તઆલાને પોતાના વિચારોમાં સ્થાન આપવું જોઈએ. પાંચેવ સમયની નમાજ હર કોઈને નસીબ થતી નથી, આપણે જોઈએ છીએ કે કેટલાયે મુસલમાન એવા છે જેઓ ફુરસદ અને સમય હોવા છતાં નમાઝ પઢતા નથી. હવે અલ્લાહ તઆલાએ આપણને નમાઝ પઢવાની તોફીક આપી છે તો તે તોફીકનો સારી રીતે ઉપયોગ કરવામાં આવે. આ તૌફીકને ગફલતમાં પસાર કરવામાં ન આવે. આપમેળે જ રૂકૂઅ, સિજદા થાય એવી નમાજથી બચવું જોઈએ. બલકે જિંદગીની છેલ્લી નમાઝ પઢી રહયા હોય એ રીતે ધ્યાન અને લગનની સાથે નમાઝ પઢવામાં આવે.

આ હદીસને સામે રાખી આપણા વડીલ બુઝુર્ગોએ નિચોડ કાઢયો છે કે માત્ર નમાજ જ નહીં બલકે દરેક અમલને આ રીતે કરવામાં આવે કે આ મારી જિંદગીનો છેલ્લો અમલ છે.

સુલેમાન બિન અબ્દુલ મલિકે એક વાર હઝરત અબૂ ખાઝિમ (રહ.)ની સેવામાં સવાલ કર્યો કે હઝરત ! આપણું મૌતથી ડરવાનું કારણ શું છે ? હઝરત (રહ.) એ ફરમાવ્યુંઃ "તેનું કારણ આ છે કે આપણે દુનિયાને આબાદ અને આખિરતને બરબાદ કરી અને દેખીતી વાત છે કે દરેક માણસ આબાદી (વસ્તી) માંથી વેરાન જગ્યા તરફ જવામાં ડર અનુભવે છે. સુલેમાને કહયું : તમે એકદમ સાચુ કહયું ! ત્યાર પછી પૂછયું કે હઝરત ! આપણને એ કઈ રીતે ખબર પડે કે અલ્લાહ તઆલાને ત્યાં આપણી શી હાલત થશે ? એટલે કે મૃત્યુ પછી શું થશે ? હઝરતે ફરમાવ્યું કે, તમારી આ હાલત કુર્આન સમક્ષ રજૂ કરો, અલ્લાહ તઆલાને ત્યાં તમારી હાલતની ખબર પડી જશે. કુર્આન કહે છે : યકીન કરો કે નેક લોકો ખરેખર અસંખ્ય નેઅમતોમાં હશે અને બદકાર લોકો જરૂર દોજખમાં હશે (સૂરએ ઈન્ફિતાર) ! સુલેમાને કહયું : તો પછી અલ્લાહની રહમત કયાં ગઈ? હઝરતે કહયુંઃ તે તો નેક લોકો અને મોહસિનો પાસે છે. કુર્આનમાં છેઃ ખરેખર અલ્લાહની રેહમત (કૃપા) નેક લોકોથી પાસે છે. (સૂ.અઅરાફ) સુલૈમાને કહયું : હઝરત ! મૃત્યુ પછી અલ્લાહના દરબારમાં આપણે કઈ રીતે જઈશું ? ફરમાવ્યું : દીનદાર અને નેક લોકો તો એ

રીતે હાજર થશે જેમ વર્ષો પછી પ્રવાસેથી આવનાર પ્રવાસી (મુસાફિર) જયારે ઘરે આવે છે, તો તેના ચેહરા પર જેવી ખુશી અને આનંદ હોય છે. અને બદકાર લોકો એ રીતે હાજર થશે જેમકે એક આરોપી વર્ષોથી આમતેમ નાસતો ફરતો હોય અને જયારે તે આરોપીની ધરપકડ કરીને લાવવામાં આવે તો તેના ચેહરા પર જેવો ભય અને પસ્તાવો હોય છે.

સાંભળતા જ સુલેમાન બિન મલિક રડવા લાગ્યા, ત્યાર પછી પૂછયું : હઝરત ! આપ નમાજ કેવી રીતે પઢો છો ? ફરમાવ્યું: જયારે નમાજનો સમય થાય છે તો સૌથી પેહલા ફર્ઝ, સુન્નતો અને આદાબ સહિત મુકમ્મલ વુઝૂ કરૂં છું, ત્યાર પછી કિબ્લા તરફ મોઢું કરી કા'બા શરીફને સામે, જન્નતને જમણે, દોજખને ડાબે, પુલ સિરાતને નીચે, મૃત્યુને પાછળ અને અલ્લાહ તઆલાને અલીમ (સર્વ જાણકાર) અને ખબીર (સર્વ ખબર રાખનાર) સમજી મનમાં એ વિચારીને નમાજ પઢું છું કે આ મારા જીવનની છેલ્લી અને અંતિમ નમાજ છે.

આ લોકો ''ઉકત હદીસ પર સાચા અર્થમાં અમલ કરનાર હતા !'' સુલેમાને પૂછયું કે હઝરત! કેટલા સમયથી તમે આ રીતે નમાજ પઢો છો ? ફરમાવ્યું : અલ્હમ્દુલિલ્લાહ ! ચાળીસ વર્ષથી મારો આ જ મામૂલ (નિત્યક્રમ) છે. સુલેમાનના મોઢેથી આ શબ્દો સરી પડે છે : કાશ ! જીવનમાં એક નમાજ પણ આવી નસીબ થઈ જાય તો કામિયાબ છું ! (કરામાતે અવલિયા)

માટે આપણે પણ સંપૂર્ણ ધ્યાન અને ઈખ્લાસ સહિત નમાજ અદા કરવી જોઈએ. શરીઅતે જે મુબજ બતાવી છે એ રીતે ફરજો, સુન્નતો અને આદાબની રિઆયત કરી સંપૂર્ણ અલ્લાહ તરફ ધ્યાન ધરી નમાજ અદા કરવી જોઈએ. એવી નમાજ ન પઢવામાં આવે જે કાલે કયામતના દિવસે મેલા કપડાની જેમ આપણા મોઢા પર મારી દેવામાં આવે.

અલ્લાહ તઆલા આપણી દરેક ઈબાદતોમાં જાન પૈદા કરે અને સૌ ઈબાદતોને કબૂલ ફરમાવી નજાતનો ઝરીયો બનાવે (આમીન)

શરઈ માર્ગદર્શન

# ફતાવા વિભાગ

મવ. મુફતી અસ્જદ
દેવલ્વી સાહેબ
તસ્દીક કર્તા
મવ. મુફતી અહમદ દેવલા
સદર મુફતી જામિઅહ જંબુસર

## વકફ જમીનમાં ફેરફાર કયારે કરી શકાય ?

સવાલઃ એક માણસે પોતાની એક એકર જમીન વકફ કરી, વકફ કરનાર માણસનું લગભગ ૩૫ વર્ષથી મરણ થઈ ગયું છે.

હવે એ મજકૂર જમીન પર અધિકાર કોનો ગણાશે ? (એટલે કે મજકૂર જમીનને કોઈ કારણસર ફેરબદલ કરવી હોય કે અન્ય કોઈ જરૂરતમાં વાપરવી હોય) વકફ કરનારના વારસદારોનો અધિકાર રહેશે કે મસ્જિદના વહીવટકર્તાનો ? શરીઅતની રૂએ જવાબ આપશો.

જવાબ : حامدا مصليا ومسلما

સર્વ પ્રથમ આ વાત જાણી લેવી જોઈએ કે વકફ કરવામાં આવેલ જમીનમાં ફેરબદલી કરવાની ઈજાઝત બે જ સૂરતોમાં છે. (૧) વકફકર્તાએ પોતાના માટે અથવા અન્ય કોઈ વ્યકિત માટે, વકફ કરતી વેળાએ ફેરબદલીની શર્ત કરી હોય. (૨) શર્ત ફેરબદલીની વકફ કરતી વેળાએ કરવામાં ન આવી હોય, પરંતુ જમીન તે અવસ્થાએ પહોંચી ગઈ હોય કે તેમાં તે બિલકુલ ઉપયોગી ન રહી હોય, અને ઉપયોગી હોય પરંતુ એટલી ઓછી માત્રામાં ઉપયોગી છે કે તેનાથી મળતી આવક કરતા એનો ખર્ચ વધી જતો હોય.

ફતવા પાત્ર મંતવ્ય મુજબ સદર બે સૂરતોમાં જ વકફ કરવામાં આવેલ જમીનની ફેરબદલી શર્તો આધિન થઈ શકે છે.

(શામીઃ ૩ / ૪૨૪, મહમુદુલ ફતાવા : ૪ /૫૬૪)

(૨) વકફ કરનાર વ્યકિત તરફથી મુતવલ્લી અને વહીવટકર્તા તરીકે કોઈની નિયુકિત કરવામાં ન આવી હોય તો આવા વકફનો મુતવલ્લી

મસ્જિદ યા મદ્રસા માટે વકફ કરવામાં આવેલ વસ્તુઓનો જે મુતવલ્લી હોય, તે જ વહીવટકર્તા ગણાશે. રજૂ કરવામાં આવેલ સૂરતમાં જયારે કે વકફકર્તાએ અન્ય કોઈની વહીવટકર્તા તરીકે નિયુકિત કરી નથી. બલકે આપણા ઈલાકાના ઉર્ફ (પ્રચલિત રીત) મુજબ લોકો મસ્જિદ મદ્રસાના મુતવલ્લીને જ વકફની જમીનને વહીવટમાં આપતા હોય છે, માટે મસ્જિદ – મદ્રસાના મુતવલ્લી જ મસ્જિદ – મદ્રસામાં વકફ કરવામાં આવેલ વસ્તુઓના વહીવટકર્તા ગણાશે, વકફ કરવામાં આવેલ જમીનના વારસદારો વહીવટકર્તા નહીં ગણાય અને ન તો એમને કોઈ પણ પ્રકારના વહીવટનો અધિકાર રહેશે, બલકે આવી સૂરતમાં સમગ્ર અધિકાર મસ્જિદ કે મદ્રસાના મુતવલ્લીને જ રહેશે. જેની જવાબદારી છે કે તે વકફની હિફાઝત, સાચવણીનો પ્રબંધ કરે અને ગેર શરઈ તસર્રૂફ કરવાથી અને થવાથી બચતા રહે અને લોકોને દૂર રાખે. મઝકૂર સૂરતમાં શરૂ જવાબમાં વર્ણન કરવામાં આવેલી શર્તો ઉપસ્થિત ન હોય તો સદર વકફની જમીનને મવજૂદા હાલત પર રહેવા દે અને ફેરબદલી ન પોતે કરે અને ન તો કોઈને આની ઈજાઝત આપે કે આજ એની મહત્વની જવાબદારી છે. (શામીઃ ૩ / ૩૩૯, શર્હુલ મજલ્લહઃ ૧ / ૧૦૦ આતાસી)

*ફકત અલ્લાહ તઆલા વધુ જાણનાર છે. (તા.ર / જુમાદલ ઉલા ૧૪૩૩ – ર૬ / ૩ / ર૦૧ર ઈસ્વી)*

***જૂની મસ્જિદના વકફમાં નવી મસ્જિદનો હિસ્સો***

સવાલઃ સલામ મસ્નૂન અમારે અગત્યની દીની મસ્અલા જરૂર હોય નીચે મુજબ સવાલોની દીની રોશનીમાં જાણકારી આપવા મહેરબાની કરશો.

અમારા ગામે એક જૂની મસ્જિદ આવેલ છે, સદરહૂ મસ્જિદ સરૈયા મસ્જિદ વકફથી સરકારી દફતરે નોંધાયેલ છે, જેનો ખાતા નંબર ૨૫૦ – છે. અંદાજીત ૧૯૯૦ માં પાદર મહોલ્લામાં બીજી મસ્જિદે નૂર બનાવવામાં આવી છે.

પ્રશ્ન (૧) : ખાતા નંબર ૨૫૦–માં જે જમીનો મસ્જિદને વકફ થયેલ તેમાંથી બીજી બનાવવામાં આવેલ મસ્જિદે નૂરને હક હિસ્સો હીત અંગેનું માર્ગદર્શન.

પ્રશ્નઃ (૨) સદરહૂ જમીનને વેચવા કે વહેંચવા સાથે (ભાડે) આપવા બાબત જરૂરી માર્ગદર્શન.

જવાબ : حامدا مصليا و مسلما

(૧) જૂની મસ્જિદ તથા નવી બનાવવામાં આવેલ મસ્જિદે નૂર બંનેનું ટ્રસ્ટ એક જ હોય તો જૂની મસ્જિદમાં વકફ કરવામાં આવેલ માલ – મિલકતોની આવકને નવી બનાવવામાં આવેલ મસ્જિદે નૂરમાં અને તેના હિતમાં ખર્ચ કરવું દુરૂસ્ત છે. અને જો બંને મસ્જિદોનું ટ્રસ્ટ અલગ અલગ હોય તો પછી એક મસ્જિદ (દા.ત. જૂની મસ્જિદ)ના વકફની આવકને બીજી મસ્જિદ (જેમકે મસ્જિદે નૂર)ના હિતમાં ખર્ચ કરવું દુરૂસ્ત નથી. અલબત્ત પહેલી મસ્જિદ (જૂની) ની આવક એટલી બધી હોય કે તે આવકની ન તો હાલના તબક્કે જુની મસ્જિદને જરૂરત હોય અને ન તો ભવિષ્યમાં જરૂરત પડવાની શકયતા હોય તો જૂની મસ્જિદની જરૂરતથી વધારાની આવકને નવી મસ્જિદે નૂરના હિતમાં ખર્ચ કરવું દુરૂસ્ત છે.

*(દુર્રે–શામી : ૬ /૫૪૯–૫૫૧, ઝકરિય્યહ, નિઝામુલ ફતાવા જદીદઃ ૪/૭૮)*

(૨) મસ્જિદમાં વકફ કરવામાં આવેલ મિલકતોનું વેચાણ કરવું તથા એને ગીરવી (ગીરો) મુકવું જાઈઝ નથી. (દુર્રે–શામીઃ ૬/૫૩૯) અલબત્ત આવી મિલકતોને સામાન્ય રીતે બજારમાં ચાલતા ભાડાથી ભાડે, આ વાતની તકેદારી સાથે આપી શકાય છે કે તેને ભવિષ્યમાં કોઈ નુકસાન ન થાય, કોઈ પડાવી ન લે.

*(દુર્રે–શામી, ફતવા મહમૂદિય્યહઃ ૧૪ / ૬૧૩)*

*ફકત અલ્લાહ તઆલા વધુ જાણનાર છે.*

*(તા. ૧૨ રબી. આખર ૧૪૩૩ હિ. – ૮ / ૩ / ૨૦૧૨ ઈસ્વી)*

# મૌલાના મદની મેમોરીયલ હાઈસ્કૂલ – જંબુસરમાં ૭૩માં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી

જામિઅહ ઉલૂમુલ કુર્આન ટ્રસ્ટ જંબુસર સંચાલિત મૌલાના મદની મેમોરીયલ હાઈસ્કૂલ જંબુસરમાં ૭૩માં સ્વાતંત્ર્ય દિનની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. જામિઅહની તમામ શૈક્ષણિક શાખાઓ મૌલાના મદની મેમોરીયલ હાઈસ્કુલ, જામિઅહ પ્રાથમિક શાળા , જામિઅહ ઔદ્યોગિક તાલીમ સંસ્થા અને જામિઅહ ઈંગ્લીશમિડિયમ પ્રાથમિક અને માધ્યમિક વિભાગના સંયુકત ઉપક્રમે જામિઅહના મેનેજિંગ ટ્રસ્ટી મૌલાના મુફતી અહમદ યાકુબ પટેલના વરદ હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યુ હતું.

જામિઅહ અને તેની વિવિધ શૈક્ષણિક શાખાઓના વિદ્યાર્થીઓ – વાલીઓ અને કર્મચારીઓએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. ધ્વજવંદન અને રાષ્ટ્રગાન બાદ ઉપસ્થિત હાજરજનોને આઝાદીની યાદોનું સ્મરણ કરાવવામાં આવ્યુ. હતું. સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીના ઉદ્‌બોધનમાં મૌલાના મદનીના મદદનિશ શિક્ષક શ્રી.એ.યુ. ગાજીએ પોતાના પ્રવચનમાં જણાવ્યું કે,

પડા જબ વકત ગુલિસ્તાં પે તો ખૂન હમને દિયા– જબ આઈ બહાર તો કેહતે હે તેરા કામ નહીં.

આજે દરેક જગ્યાએ આઝાદીની લડતમાં મુસલમાનોનો ફાળો ભુલાવી દેવામાં આવી રહયો છે. હાલાકે આ દેશને આઝાદ કરવાવામાં મુસલમાનોએ અનેક ફાળો આપ્યો છે. જયારે સમગ્ર દેશ ભરનિંદ્રામાં હતો ત્યારે સૌ પ્રથમ શાહ અબ્દુલ અઝીઝ(રહ.) એ ફત્વો આપ્યો કે દરેક દેશવાસીની ફરજ છે કે વિદેશી શકિત સામે જંગ કરે અને જયાં સુધી તે આ દેશમાંથી બહાર ન જાય તેમના માટે અહીં જીવવુ હરામ છે. હઝરતના આ ફતવા એ લોકોને અંગ્રેજોની પોલીસીથી ચેતવ્યા દક્ષિણમાં સૌ પ્રથમ હૈદરઅલી અને તેમના પુત્ર ટીપુ સુલતાન હતા તેમણે અંગ્રેજોનો મુકાબલો કર્યો. લોર્ડ હાર્ડસે જયારે ટીપુ સુલતાનને શહીદ જોયા તો કહયું કે આજે આ ભારત અમારું છે.

ઈ.સ. ૧૮૫૭ની જંગમાં મુસલમાનોએ દરેક પ્રકારના બલિદાનો આપ્યા. હજારો મુસલમાનોને ફાંસીને માંચડે લટકાવવામાં આવ્યા. મિસ્ટર થામ્સન લખે છે કે, જીવતા મુસલમાનોને ભૂંડના ચામડામાં સીવવા અથવા ફાંસી આપવી સામાન્ય બાબત હતી.

રસેલ " માંય રીખેલ ડાયરી" માં લખે છે કે, પહેલી ઓગષ્ટે બકરી ઈદ હતી. અમે ખુબ જ શાંતિથી દસ – દસની ટોળીમાં બોલાવીને મુસલમાનોને ગોળીએ ઉડાવી દીધા. પ્રશ્ન લાશોનો હતો કે બિમારી ન ફેલાય તો અમે લાશોને કુવામાં નાંખી દીધી. અવર ઈન્ડિયન મુસલમાનમાં લખ્યું છે કે, માત્ર પંદર દિવસમાં બે લાખ મુસલમાનોને ફાંસી પર લટકાવવામાં આવ્યા તેમાં ૫૧ હજાર મૌલવીઓ હતા.

આજે શહીદ ભગતસિંહની શહાદતના પુસ્તકો ભરેલા છે. પરંતુ તેમની ટુકડનો શહીદ અશફાકુલ્લાહને કોણ યાદ કરે ?

બદરૂદીન તૈયબજીથી લઈને મૌલાના આઝાદ સુધી મુસલમાનોએ દેશ માટે બલિદાનો આપ્યા. ઈ.સ. ૧૯૨૯ના કોંગ્રેસની સભામાં જયારે મૌલાના મુહંમદ અલી જોહરે સંપૂર્ણ આઝાદીની વાત કરી તો ગાંધીજી સહિત દેશના અગ્રણ્ય નેતાઓ આશ્ચર્યમાં પડી ગયા. મૌલાના એ કહયું તેમ ગભરાવો નહીં માત્ર બિલ પાસ કરી દો. અંગ્રેજો સામે સંપૂર્ણ આઝાદીની વાત કરવાની જવાબદારી મારી હશે. છેવટે તેમણે ઈંગ્લેન્ડ જઈને હુકૂમત સામે એ વાત રાખી કે મને સંપૂર્ણ આઝાદી જોઈએ. હું ગુલામ દેશમાં પરત નહીં જાંઉ અને અંતે દેશ બહાર જ તેમનું મૃત્યુ થયું .

મિત્રો આઝાદીની દાસ્તાન ખુબ જ લાંબી છે. આ તો અમારી સામે માત્ર આછી ઝલક છે. મારી આપને વિનંતી છે કે આ વાત બીજા લોકો સુધી પણ પહોંચે જેથી સાચી હકીકત સામે આવે અને દેશ પ્રગતિ કરે.

શાળાના આચાર્ય બશીર આઈ. પટેલ પ્રસંગને અનુરૂપ વિદ્યાર્થીઓને દેશની વર્તમાન પરિસ્થિતિનું વર્ણન કરી સંયમ દાખવી ધીરજ અને સહનશીલતાથી કાર્ય પાર પાડવા જણાંવ્યું અને દેશના મુસ્તકબીલને વધુ સુંદર બનાવવા પોતાના જીવનને માયુસી વિના કાર્યરત રહેવા જણાંવ્યું.

સંસ્થાના આદ્યસ્થાપક અને મેનેજિંગ ટ્રસ્ટી મૌલાના અહમદ યાકુબ પટેલે સ્વાતંત્ર્ય પર્વના પોતાના ગહનશીલ પ્રવચનમાં જણાવ્યું કે આઝાદીની શરૂઆત થી જ મુસ્લિમોનો આઝાદીની પ્રાપિત માટે સિંહફાળો રહયો છે. બલ્કે આઝાદીની સ્વરાજ પ્રાપ્તિના મંડાણ જ મુસલમાનોથી થયા છે. ભારતની આઝાદીમાં મુસલમાનોનું યોગદાન ચિરસ્મરણીય રહેશે. એને કદી ભુલી કે ભુલાવી શકાય નહી.આ દેશની આઝાદી માટે મુસલમાનોએ પણ અંગ્રેજોના

ઝુલ્મોસીતમ અત્યાચાર અને ગોળીઓનો સામનો કર્યો છે. મુસલમાનો – હિંદુઓ એ સાથે મળીને એકતાથી આઝાદીની લડત લડેલી અને તેના પરિણામ સ્વરૂપે કુર્બાનીઓથી દેશ આઝાદ થયો. પરંતુ દુઃખ અને અફસોસની વાત છે કે મુસ્લિમોની કુર્બાનીઓને કિનારે કરી ભુલાવી દેવામાં આવી છે. આજે દેશ આઝાદ છે પરંતુ માનસિક રીતે ગુલામ બનાવી દેવામાં આવ્યો છે. બંધારણની ગરીમાને ગિરવે મુકવામાં આવે છે. દેશનું બંધારણ સેકયુલર ઘડાયું હોવા છતા લઘુમતિ સમાજને બંધારણીય હકોથી વંચિત બનાવવામાં આવે છે. પરંતુ મઝહબ અથવા અન્ય કોઈ બુનિયાદ ઉપર મનભેદ રાખીને કોઈનો હક દબાવી શકાતો નથી.

દેશના ભાગલા એ એક રાજકીય બાબત હતી. પરંતુ જમીયતે ઉલમાએ અંતિમ ઘડી સુધી મૌલાના અબુલ કલામ આઝાદ અને બુધ્ધિજીવી મુસલમાનોએ ભાગલાનો વિરોધ કર્યો હતો. ભારતના મુસ્લિમો એ દેશનુ અભિન્ન અંગ છે. એને કયારેય ભિન્ન કરી શકાય નહીં. સ્વતંત્ર્યપર્વ નિમિત્તે દેશની વર્તમાન પરિસ્થિતિ, આર્થિક વિકાસ – નોકરીઓનો અભાવ દેશની રાજકીય પરિસ્થિતિ વગેરે ઉપર પ્રકાશ પાડતા જણાંવ્યુ કે સરકાર મહત્વના મુદ્દાઓને વિસારીને પોતાના કામોની ગણતરી કરાવશે. તેઓએ સૌ હાજરજનોને ખાસ કરીને વિદ્યાર્થીઓને જણાંવ્યું કે દેશની વર્તમાન ભયંકર પરિસ્થિતિનાં નિવારણ માટે તાલીમ એ સૌથી મહત્વનું પરિબળ છે. તાલીમી મેઅયારને ઉચ્ચકક્ષાએ લઈ જઈ દેશમાં ઈન્સાનિયત ભાઈચારો અને દેશ વિકાસના હિતમાં આપ મહત્વનો કિરદાર બનાવી આપનું યોગદાન આપો. મુસલમાન કદી દેશદ્રોહી , ધર્મદ્રોહી કે રાષ્ટ્રવિરોધી હોતો નથી કે બની શકતો નથી. આ દેશ આપણો છે. માટીના પ્રત્યેક રજકણ સાથે આપણને પ્રેમ છે. અને પ્રેમ એટલા માટે છે કે હિબ્બુલવતન એ હુબ્બુલ ઈમાનનો જ એક ભાગ છે. વતનપ્રેમ એ આપણી ધાર્મિક ફરજ છે. તેઓએ અંતમાં દેશની શાંતિ અને સલામતી માટે દુઆ ગુજારી હતી. ધ્વજવંદન પછી મુફતી અહમદ સાહેબે, ઈદ્રિસભાઈ સિવિલ ઈજનેર સાહેબે, આચાર્યશ્રી બશીર સાહેબે તેમજ અન્ય શિક્ષકોએ વૃક્ષારોપણ કર્યુ હતુ.

કાર્યક્રમનું સફળ સંચાલન શાળાના મદદનિશ શિક્ષક વાય.એચ.સારોદી એ કર્યુ હતુ.

———————————————————

બોધકથા : ૯૭

સરકસમાં અનેક જાનવરોના કરતબ દેખાડવામાં આવતા હતા. હાથીઓ પણ હતા. પણ કલાકારને નવા જાનવરોની તલાશ હતી. હાથીના એક બચ્ચાને એણે પહેલેથી જ કાબૂમાં કરીને કેળવણી આપવી શરૂ કરી દીધી, જેથી તે પહેલેથી જ એના તાબે થઈ જાય અને મોટું થઈને સરકસમાં કામ આવે.

હાથીના બચ્ચાને એક મજૂબત સાંકળથી બાંધીને સાંકળ ઝાડના મોટા થડ સાથે બાંધી દીધી. બચ્ચું ઘણા ધમપછાડા કરતું પણ સાંકળ તોડવી કે છોડાવવી એના બસમાં ન હતું. અંતે લાચાર થઈને એણે પ્રયત્નો છોડી દીધા અને સમજી લીધું કે આ સાંકળ તોડવી મારા ગજા બહારની વાત છે.

સરકસનો કલાકાર અને હાથીનો મહાવત દિવસભર એને કેળવતો, ખેલ શિખવાડતો અને રાતે સાંકળમાં બાંધી દેતો.

બચ્ચું મોટું થયું અને હવે સરકસમાં એના ખેલ લોકો સમક્ષ રજૂ થવા લાગ્યા. લોકો તાળીઓ પાડીને એને વધાવતા.

એક દિવસ એને થયું કે હું આટલો શકિતશાળી છું, મારું શરીર અને શકિત માનવી કરતાં વધારે છે, પછી મારે શા માટે આ નાનકડા માનવીના હાથમાં રમવું પડે ? હવે મારે એની વાત નથી માનવી. બીજા દિવસે સરકસમાં લાવવામાં આવ્યું તો એને કલાકાર કે મહાવતની કોઈ વાત માની નહીં. પણ મહાવત અને કલાકાર આ બધા નખરાઓની વાકેફ હતા.

તેઓ ફરી પાછા એને તે જગ્યાએ લઈ ગયા જયાં એને બાળપણમાં બાંધવામાં આવતો હતો, અને પગોમાં મજબૂત સાંકળના બદલે ફક્ત એક સામાન્ય દોરડું બાંધી દીધું. હાથી તો બાળપણથી જ એમ સમજતો હતો કે આ બંધનને તોડવું મારા બસમાં નથી, એટલે એણે શકિત હોવા છતાં આ સામાન્ય દોરડાને તોડવાનો પણ કોઈ પ્રયત્ન કર્યો નહીં, બાકી આ દોરડાને તોડવું એના માટે જરાયે મુશ્કેલ ન હતું. અને હાથીએ ફરી પાછું કલાકાર અને મહાવતના તાબે થવું પડયું.

વાર્તાનો સાર આ છે કે અશકિત, કમઝોરી, લાચારીના જે નકારાત્મક વિચારોએ આપણને પહેલેથી બાંધી રાખ્યા છે, એ પાછળથી કુવ્વત – કૌવત અને શકિત – સામર્થ્ય મળવા છતાં પણ આપણને બાંધી રાખે છે. માટે માણસે સહુપ્રથમ આવા નકારાત્મક વિચારો અને લાચારીની માનસિકતાથી બહાર નીકળવાની જરૂરત છે. પછી જ બધી શકિત અને કુવ્વતથી લાભ ઉઠાવી શકાશે.

---

# What After Hajj

Once again more than three million believers were honoured to become the Guests of Allah' and through Divine Guidance have completed the rituals of Hajj with great love and enthusiasm. How fortunate are those souls who are blessed with the following words from Rasulullah Sallallahu-Alayhi-Wasallam: Whoever performs Hajj for the Pleasure of Allah and therein utters no word of evil, nor commits any evil deed, shall return from it (free from sin) as the day on which his mother gave birth to him.*(Bukhari, Muslim)*

"Verily there shall be no reward for a Mabroor (Accepted) Hajj except Jannah." (Bukhari, Muslim)

It is hoped that all the Pilgrims were sincere in there intentions and had travelled thousands of miles only to secure the Pleasure of Allah by fulfilling the obligation laid down upon them. May Allah the Almighty grant all the Pilgrims acceptance and grant them opportunity again and again to visit the Sacred Land. Ameen Ya Rabbal A'lameen.

Nevertheless, We wish to draw the attention of the Pilgrims towards certain points that are necessary and of utmost importance to observe about which many Pilgrims seem to attach no importance.

Firstly, the sincerity of intention should remain even after the performance of Hajj. There should be no pomp or show. One should not wish to be called or recognised as a Haji. Many people adopt the habit of talking frequently about their journey in order that people may come to know of their Hajj. They talk about the expenses incurred in the way of Allah, their charity amongst the poor and needy, their devotion and worship, their assisting the weak and old, etc, etc; and all this is mentioned with the intention of gaining fame. This is a deceit from Shaytaan who ruins the Ibaadah (worship) of the person who is unaware of it. It is therefore

of great importance that the Pilgrim does not talk about his/hers Hajj without necessity as it may lead to Riyaa (show, insincerity). However, if necessity arises and one must talk about his/hers Hajj then he/she is at liberty to do so. But, the Pilgrim must not indulge in this type of conversation unnecessarily.

Secondly, it is noted through experience that many Pilgrims return with nothing but the sad memories to reflect upon and this darkness filters through their tongues to the extent that they talk only about the hardships they have encountered during Hajj. The Pilgrims should strictly refrain from this. On the contrary, they should talk about the greatness of the Sacred Places, the spiritual gains, the enjoyment in devotions of Haramayn - Umrah, Tawaaf, Salaam on the Sacred Grave, Salaah in Masjidul Haraam and Masjidun Nabawi etc. If one looks at his/hers journey of Hajj carefully he/she will find that the spiritual benefits far outweighs the physical hardships. Every second spent in these Sacred Places is incomparable with anything in the world.

The journey to Hajj is a long journey; one has to travel by air, pass the immigrations, go through the customs, encounter people who speak foreign languages, etc. In these circumstances, difficulties are certain to arise. When we travel in our country, do we always travel with comfort and ease? Do we never encounter difficulty? Do we not find ourselves held up in traffic for hours on a Motorway? Considering the fact that 3-4 million Pilgrims perform the rituals of Hajj at one time, in one place and that they all come from different countries and backgrounds and that many of them have never before used or seen the facilities available to them, we think the difficulties encountered are insignificant. Moreover, the Pilgrims are rewarded abundantly by Almighty Allah upon every difficulty encountered in their journey whereas the same is not the

case whilst we undertake other journeys.

Those people who engage in these types of conversation become the cause of discouragement to others who have not yet had the opportunity to perform Hajj. These unfortunate Pilgrims fall into the category ...and who stop (men) from the way of Allah, and from the Sacred Masjid,... mentioned in Surah Al-Hajj: v in the Holy Quraan. They should take heed that if people are discouraged by their conversation and postpone their Hajj then those who have discouraged them will be equally responsible.

Thirdly, the sign of a `Mabroor Hajj' or `Accepted Hajj' is that upon one's return, his/her life changes from worst to good. He/She becomes totally punctual in fulfilling the commands of Almighty Allah. His/Her love and inclination towards the Hereafter increases and love for the worldly pleasure decline. Therefore, it is essential that the Pilgrim is watchful over his/hers actions and conversations and should try his/her utmost to instil in himself/herself good characters and refrain from all types of evil. He/She should endeavour to fulfil the obligations laid down by Almighty Allah and avoid all the things forbidden by Him.

He should be punctual with the recitation of the Holy Quraan and in performing his five times Salaah with Jama'ah in the Masjid.

Fourthly, the Pilgrim should adopt the Sunnahs of our Prophet Muhammad (Sallallahu-Alayhi-Wasallam) especially with regards to males appearance i.e. his clothes, his beard, etc.

The ladies must also dress according to the Laws of Islam, especially the wearing of the Hijaab.

Finally, those who have returned from Hajj should encourage and persuade other relatives and friends upon whom Hajj is compulsory (Fardh) to start making preparations from now and to go and perform this great duty of Hajj next year. ▪ ▪ ■ ▪ ▪

## સોબતની અસર

નેક લોકોની સોહબત માણસને બુરા લોકો વિશે પણ સારું વિચારવાની પ્રેરણા આપે છે. અને બુરા લોકોની સોબત માણસની નજરમાં સારા લોકોને પણ બુરા ચીતરે છે.

## માફી

તમારી સાથે બુરાઈ કરનારને એટલો જલદી માફ કરી દયો, જેટલી જલદી તમે અલ્લાહ તઆલા પાસે તમારી માફીની આશા રાખો છો.

## નવા કપડાં

મારા કફનમાં નવા કપડાં ન વાપરશો, નવા કપડાં તો જીવતા લોકો માટે હોય છે. (હઝ. અબૂબક્ર રદિ.)

## માતા – પિતા

માતા – પિતા સાથે સદવર્તન કરતા રહો, જો તેઓ બંને કે કોઈ એક ઘરડા થઈ જાય તો એમને 'ઉફ' પણ ન કહો. (કુરઆન)

## શુક્ર કરવો

એહસાન અને ઉપકારનો શુક્ર અદા કરવો, મોટા સમજદાર અને સજ્જન લોકોનું કામ છે. નાદાન અને પછાત લોકોને આ કામ નથી આવડતું.

## રોઝી માટે દુઆ અને મહેનત

મુસલમાન માટે આ યોગ્ય નથી કે રોઝી માટે ફકત દુઆ કરતો રહે કે હે ખુદા મને રોઝી આપો. બધા જ જાણે છે કે આસમાનેથી રૂપિયા નથી વરસતા. દુઆ કરવા પછી રોઝી માટેની યોગ્ય મહેનત કરવી પણ જરૂરી છે.

## સાચી રાહત

માલદારો એમની જાયદાદ અને સંપત્તિમાં એવા પરેશાન હોય છે કે ગરીબોને જોઈને કહે છે કે ગરીબો અમારા કરતાં વધારે આરામમાં છે, એમને કોઈ ચિંતા નથી. અને ગરીબો માલદારોને જોઈને વિચારે છે કે માલદારો રાહતમાં છે, એમને કોઈ ચિંતા નથી, પણ વાસ્તવિકતા આ છે કે બંને પક્ષો ખોટા છે. આરામ અને રાહત ગરીબી કે અમીરીમાં નથી. દિલ – દિમાગની શાંતિ અને સુકૂનનું નામ છે.

## ભૂલ અને સફળતા

માણસમાં અભિમાન પેદા કરી દે એવી ખૂબી અને સફળતા કરતાં, માણસ વિનમ્ર બનાવી દે એ નાકામી અને ભૂલ વધારે સારી.

## બાપ બેટા

બેટા સાથે મુહબ્બતમાં દરેક બાપ યાકૂબ અલૈ.ની જેમ હોય છે. અને ખુબસુરતીમાં દરેક બાપ સામે એનો પુત્ર યૂસુફ અલૈ. જેવો હોય છે.

## પુરૂષ અને સ્ત્રી

સામાન્ય રીતે પુરૂષોને બુઝદિલ અને નિસહાય સ્ત્રીઓ વધારે પસંદ હોય છે. જેથી એમનું રક્ષણ – પોષણ કરીને સરળતાથી પોતાની મોટાઈનો અહમ સંતોષી શકે.

## દુનિયાનો સિરાતે મુસ્તકીમ અને આખિરતનો પુલસિરાત

હઝરત અકદસ થાનવી રહ. લખે છે કે માણસને અલ્લાહ તઆલાએ દુનિયામાં સિરાતે મુસ્તકીમ એટલે કે દીનની સીધી રાહ ઉપર ચાલવાનો આદેશ આપ્યો છે. સામાન્ય રીતે દીનના આદેશો ઉપર અમલ કરવું દુન્યવી કારણોથી અઘરું જ હોય છે. અને હળપળ આ શકયતા રહે છે કે સિરાતે મુસ્તકીમથી ભટકી જાય, ઓછો કે વધારે દૂર થઈ જાય. અને બે દીની એટલે કે જહન્નમી કામોમાં પડી જાય. અલબત્ત દીનદારી અને બેદીની, બંને રાહો અને રસ્તાઓ આ દુનિયામાં રસ્તાના સ્વરૂપમાં નથી.

આખિરતમાં એને સાચુકલા રસ્તાની શકલ આપી દેવામાં આવશે, અને એ જ પુલસિરાત છે. જે માણસ દુનિયામાં દીનદારીના અઘરા અને બારીક રસ્તે સાચવીને ચાલ્યો હશે, એ આખિરતમાં પુલસિરાતના રસ્તે પણ આસાનીથી પસાર થઈ જશે અને જે માણસ દીનની સીધી રાહથી ભટકી ગયો હશે તે પુલસિરાત ઉપરથી પણ પડી જશે, અને જહન્નમમાં જશે.


ધી રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝ પેપર્સ (સેન્ટ્રલ રૂલ્સ) ૧૯૫૬ અન્વયે
'અલ બલાગ' માસિક અંગેની માલિકી અને અન્ય માહિતીનું નિવેદન

| | | |
|---|---|---|
| પ્રકાશન સ્થળ | : | જામિઅહ ઉલૂમુલ કુર્આન, બાયપાસ રોડ, જંબુસર, ૩૯૨૧૫૦, જી : ભરૂચ. ગુજરાત. |
| સામયિકતા | : | માસિક |
| મુદ્રક/સરનામું | : | જામિઅહ પ્રિન્ટીંગ પ્રેસ, જામિઅહ કોમ્પલેક્ષ બાયપાસ રોડ, જંબુસર, જી : ભરૂચ |
| પ્રકાશક/તંત્રીનું નામ | : | અહમદ યાકૂબ પટેલ |
| રાષ્ટ્રીયતા/સરનામું | : | ભારતીય, બાયપાસ રોડ, જંબુસર, ૩૯૨૧૫૦, જી : ભરૂચ. |
| માલિકનું નામ | : | જામિઅહ ઉલૂમુલ કુર્આન, જંબુસર, બાયપાસ રોડ, ૩૯૨૧૫૦, જી : ભરૂચ. ગુજરાત |